અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૭ | અંક : ૭૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### અમેરિકામાં કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી

## ભારત જોડો યાત્રાએ મને અને દેશની રાજનીતિ બદલી નાખી : રાહુલ ગાંધી

### રાહુલ ગાંધી ૮ સપ્ટેમ્બરે અમેરિકા પહોંચ્યા હતા, ત્યાં તેઓ કોંગ્રેસના નેતાઓ વિદ્યાર્થીઓ, પત્રકારો, ઉદ્યોગપતિઓ સહિત અનેક લોકો સાથે વાત કરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ પ્રથમ વખત અમેરિકાની મુલાકાતે છે. આ દરમિયાન તેણે અમેરિકાના ડલાસમાં યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ઈન્ટરવ્યુ દરમિયાન ભારત જોડો યાત્રા વિશે વાત કરી હતી. યાત્રાને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત જોડો યાત્રાએ મને અને દેશની રાજનીતિ બદલી નાખી.

રાહુલ ગાંધી ૮ સપ્ટેમ્બરે અમેરિકા પહોંચ્યા હતા, જ્યાં તેઓ ૧૦ સપ્ટેમ્બર સુધી પ્રવાસ પર રહેશે. આ દરમિયાન કોંગ્રેસના નેતાઓ વિદ્યાર્થીઓ, પત્રકારો, ઉદ્યોગપતિઓ સહિત અનેક લોકો સાથે વાત કરશે. રાહુલ ગાંધી સાથેની મુલાકાત દરમિયાન ભારત જોડો યાત્રાને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, તમે ૪ હજાર કિલોમીટરની યાત્રા કેવી રીતે કરી? જેના પર તેણે કહ્યું, પહેલા એ જાણવું જરૂરી છે કે મેં આ યાત્રા શા માટે શરૂ કરી? રાહુલ ગાંધીએ જવાબમાં કહ્યું, મેં ભારત જોડો યાત્રા શરૂ કરી કારણ કે સંદેશાવ્યવહારના દરેક માધ્યમો બંધ હતા, સંસદ, મીડિયા, અમે કાયદાકીય વ્યવસ્થામાં દસ્તાવેજો લઈ જતા હતા, કંઈ થયું નથી. રાહુલ ગાંધીએ કહ્યું, ઘણા સમયથી અમને સમજાતું નહોતું કે કેવી રીતે




વાત કરવી. પછી અમે વિચાર્યું કે જો મીડિયા તમને લોકો સુધી લઈ જતું નથી, જો સંસ્થાકીય સિસ્ટમ તમને લોકો સુધી લઈ જતી નથી, તો અમે સીધા જ જવાનું નક્કી કર્યું.

રાહુલ ગાંધીએ કહ્યું, જ્યારે અમે ભારત જોડો યાત્રા શરૂ કરી ત્યારે મને ઘૂંટણમાં દુખાવો થતો હતો અને ૩-૪ દિવસમાં મને લાગ્યું કે મેં શું કર્યું છે. તેણે કહ્યું, તમે સવારે ઉઠો છો અને વિચારો છો કે આજે તમારે ૧૦ કિલોમીટર ચાલવાનું છે, પરંતુ તમને લાગે છે કે તમારે ૪ હજાર કિલોમીટર ચાલવું પડશે. બંને બાબતોમાં ઘણો તફાવત છે. તેણે કહ્યું, પરંતુ આ પ્રવાસ મારા માટે મુશ્કેલ નહોતો. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત જોડો યાત્રાએ મારા કામ વિશે વિચારવાની રીત બદલી નાખી છે. તેમણે એમ પણ કહ્યું કે, આ પ્રવાસે રાજકારણ પ્રત્યે મારો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો છે. તેણે મારા દેશવાસીઓને જોવાની રીત બદલી નાખી છે, મારી તેમની સાથે વાતચીત કરવાની રીત બદલી છે, લોકોને સાંભળવાની રીત પણ બદલાઈ છે. રાહુલ ગાંધીએ કહ્યું, આ બધા બદલાવ માત્ર મારામાં જ નહીં, પરંતુ યાત્રામાં ભાગ લેનારા તમામ લોકોમાં પણ આવ્યા છે.

રાહુલ ગાંધીએ પોતાની મુલાકાત દરમિયાન જ "મોહબ્બત કી દુકાન" નો ઉલ્લેખ કર્યો હતો, તેમણે કહ્યું હતું કે, એક વસ્તુ જે અમે પ્લાન કરી ન હતી, આ મુલાકાતમાં સૌથી શક્તિશાળી વસ્તુ પ્રેમનો વિચાર હતો. તેમણે કહ્યું કે, માત્ર ભારતમાં જ નહીં વિદેશમાં પણ પ્રેમ શબ્દનો ઉપયોગ આજ સુધી રાજકારણમાં ક્યારેય થયો નથી. રાજકારણમાં તમને ધિક્કાર, નફરત, ગુસ્સો, અન્યાય, ભ્રષ્ટાચાર જેવા શબ્દો જ જોવા મળશે, પણ પ્રેમ શબ્દનો ઉપયોગ ભાગ્યે જ થતો હતો. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, ભારત જોડો યાત્રાએ ભારતીય રાજકારણને બદલી નાખ્યું અને રાજકારણમાં પ્રેમનો સમાવેશ કર્યો, અને હું આશ્ચર્યચકિત છું કે આ વિચાર કેટલું સારું કામ કર્યું.









નવી દિલ્હીમાં અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન હેદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા.

### હૈદરાબાદ હાઉસમાં મળ્યાં બંને દિગ્ગજ

## અબુ ધાબીના રાજકુમાર અને પીએમ મોદી વચ્ચે બેઠક યોજાઈ

### ક્રાઉન પ્રિન્સ તરીકે આ પહેલી ભારત મુલાકાત છે : સાથે મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને હૈદરાબાદ હાઉસમાં બેઠક કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા X પર એક પોસ્ટ કરી છે તેમાં લખ્યું છે, "એક નજીકના મિત્રનું ઉષ્માભર્યું સ્વાગત. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત કર્યું." અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સત્તાવાર રીતે ભારતની મુલાકાતે આવ્યા છે. ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની આ પહેલી ભારત મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ સાથે UAE સરકારના અનેક મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે. ક્રાઉન પ્રિન્સ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવાનો પણ કાર્યક્રમા બનાવી રહ્યા છે. એક બિઝનેસ ફોરમમાં ભાગ લેવા માટે તેઓ મંગળવારે મુંબઈ પણ જવાના છે. હાલમાં ભારત અને UAE વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી રાજકારણ, વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઉર્જા, ટેકનોલોજી, શિક્ષણ અને સંસ્કૃતિ સહિતના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. ક્રાઉન પ્રિન્સની મુલાકાત ભારત-છઈ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરશે અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં ભાગીદારી માટેના માર્ગો ખોલશે.

### ન્યૂઝ બ્રિફ


#### રેલવેએ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાના રાજીનામાનો સ્વીકાર કર્યો



। (એજન્સી) ચંદીગઢ, તા.૯ ।

ભારતીય રેલવેએ સોમવારે વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાના રાજીનામાનો સ્વીકાર કરી લીધો છે. શુક્રવારે કોંગ્રેસમાં જોડાતા પહેલા, બંને કુસ્તીબાજોએ તેમની રેલવે નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસમાં જોડાયા પછી તરત જ, પાર્ટીએ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે જુલાનાથી વિનેશને ટિકિટ આપી જ્યારે બજરંગ પુનિયાને પોતાની કિસાન વિંગમાં સામેલ કર્યા. વિનેશ ફોગાટનું રાજીનામું સ્વીકારવામાં આવતાં તેમને મોટી રાહત મળી છે. હવે તેમના માટે ચૂંટણી લડવાનો રસ્તો સંપૂર્ણપણે સાફ થઈ ગયો છે.

#### સેન્સેક્સ ૩૭૫ પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યો હતો



। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

શુક્રવારે સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટના કડાકા સાથે બંધ રહ્યા બાદ આજે સોમવારે નેગેટીવ ખૂલ્યો હતો. નિફ્ટી પણ ઘટાડાથી ફ્લેટ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યો હતો. જો કે, બપોરના ટ્રેડિંગ સેશનમાં માર્કેટે સ્પીડ પકડતાં અંતે સેન્સેક્સ અને નિફ્ટી સુધારા સાથે બંધ રહ્યા હતાં. સેન્સેક્સ ૩૭૫.૬૧ પોઈન્ટ સુધરી ૮૧૫૫૯.૫૪ અને નિફ્ટી ૮૪.૨૫ પોઈન્ટ ઉછળી ૨૪૯૩૬.૪૦ પર બંધ રહ્યા હતાં. બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૧૮૧ શેર્સ પૈકી ૧૬૫૦માં સુધારો અને ૨૩૯૦ ઘટાડે બંધ રહેવાની સાથે પૈકી ૩૭૨ સ્ક્રિપ્સમાં અપર સર્કિટ અને ૩૦૭માં લોઅર સર્કિટ વાગી હતી.

### દિલ્હીમાં મળ્યો હતો પહેલો શંકાસ્પદ કેસ

## મંકીપોક્સનો ફફડાટ : કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને આપ્યા કડક નિર્દેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં મંકીપોક્સનો શંકાસ્પદ કેસ સામે આવતા કેન્દ્ર સરકારે તમામ રાજ્યો માટે એડવાઈજરી જારી કરી છે. અહેવાલો મુજબ આરોગ્ય મંત્રાલયે શંકાસ્પદ વ્યક્તિઓની સ્ક્રીનિંગ અને કોન્ટેક્સ ટ્રેસિંગ કરવાની સલાહ આપી છે. મીડિયા અહેવાલો મુજબ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સોમવારે એક એડવાઈજારી કરી છે, જેમાં વાયરલ ઈન્ફેક્સનું ઝડપથી સ્ક્રીનિંગ કરવા તેમજ સ્થિતિ પર નજર રાખવાનો ઉલ્લેખ કરાયો છે. જોકે અધિકારીઓએ ચિંતા ન કરવાની સાથે કહ્યું છે કે, આપણો દેશ બહારથી આવતા પ્રવાસીઓના આઈસોલેશન મામલે સંપૂર્ણ તૈયાર છે. મહત્વની વાત એ છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ પણ અગાઉ મંકીપોક્સ મામલે ચિંતા વ્યક્ત કરી હતી. આ ગંભીર બિમારીના કારણે અત્યાર સુધીમાં અનેક લોકોના મોત થઈ ચુક્યા છે.

આરોગ્ય મંત્રાલયે રવિવારે દિલ્હીમાંથી શંકાસ્પદ કેસ મળ્યો હોવાની માહિતી આપી હતી. આ વ્યક્તિ વિદેશથી ભારત આવ્યો હતો અને તેને હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે. હાલ તેની સ્થિતિ સ્થિર છે, તેમ સરકારે જણાવ્યું છે. આરોગ્ય મંત્રાલયની જાહેરાતમાં કહેવાયું છે કે, શંકાસ્પદ દર્દીને ખરેખર મંકીપોક્સનો ચેપ લાગ્યો છે કે નહીં, તે જાણવા સેમ્પલની તપાસ કરવામાં આવી રહી છે. મંત્રાલયે કહ્યું કે, 'પ્રોટોકોલ મુજબ શંકાસ્પદ કેસ અંગે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે અને સંભવિત ફેલાવાને અટકાવવા માટે સ્રોતોની ઓળખ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તે દર્દીના સંપર્કમાં આવેલા લોકોની પણ ઓળખ કરવામાં આવી રહી છે. સરકારે કહ્યું કે, આ નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC) દ્વારા હાથ ધરવામાં આવેલા અગાઉના જોખમ મૂલ્યાંકનને અનુરૂપ છે અને કોઈ બિનજરૂરી ચિંતાનું કોઈ કારણ નથી. ઉલ્લેખનીય છે કે, મંકીપોક્સના કેસોને ધ્યાને રાખી મહારાષ્ટ્ર સરકારે તકેદારીના ભાગરૂપે અગાઉથી મુંબઈની હોસ્પિટલમાં ૨૦ બેડનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે.

### મહારાષ્ટ્ર ચૂંટણીમાં ગડકરીને મોટી જવાબદારી

## કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ૧૦૦થી વધુ પ્રચાર સભાઓ અને રોડ શો કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।



મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે, તેમ તેમ ભારતીય જનતા પાર્ટી તેની રણનીતિમાં દરરોજ નવી ધાર આપી રહી છે. હકીકતમાં ભાજપે નિર્ણય કર્યો છે કે, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ૧૦૦ થી વધુ પ્રચાર સભાઓ અને રોડ શો કરશે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ પણ આ માટે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને વિનંતી કરતાં તેઓએ આ પ્રસ્તાવ સ્વીકાર્યો છે. ગડકરીએ કહ્યું છે કે 'ભાજપને ચૂંટણીમાં સફળતા મળશે. અને ચૂંટણી માટે ભગવાન પાસે કંઈ માંગવાની જરૂર નથી, ભગવાન અમારા પર ખુશ છે.' હકીકતમાં, જે રીતે નીતિન ગડકરીએ લોકસભા ચૂંટણી દરમિયાન ૯૫ સભાઓ કરી હતી, એ જ તર્જ પર તેઓ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ તથા મહાયુતિને વિજયી બનાવવા માટે પ્રચાર સભાઓ અને રોડ શો કરશે. દેશભરમાં નીતિન ગડકરી તેમના કામને લઈને જાણીતા છે. ઉપરાંત, મહારાષ્ટ્રમાં તેના ચાહકોની સંખ્યા પણ વધુ છે. અને વધુમાં તેમની ભાષણની શૈલી પણ લોકોને ખૂબ પ્રભાવિત કરે છે.

### જંગી માત્રામાં હથિયારો મળી આવ્યા

## રાજૌરીમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા બે આતંકવાદીઓ માર્યા ગયા

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૯ ।

ભારતીય સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના વધુ એક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. જવાનોએ ઘૂસણખોરી કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. ભારતીય સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના વધુ એક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. જવાનોએ ઘૂસણખોરી કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. માહિતી અનુસાર, ગુપ્તચર એજન્સીઓ અને જમ્મુ-કાશ્મીર પોલીસને ઘૂસણખોરી અંગેના ઈનપુટ મળ્યા હતા, જેના પછી એલઓસી પર એલર્ટ કરવામાં આવ્યું હતું.આતંકીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયારો મળી આવ્યા છે. અત્યાર



સુધીમાં બે એકે-૪૭ રાઈફલ અને એક પિસ્તોલ મળી આવી છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. આ પહેલા ૩૦ ઓગસ્ટે પણ ભારતીય સેનાના જવાનોએ ચૂંટણી પહેલા એક મોટા આતંકવાદી ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. આ દરમિયાન સુરક્ષા દળોએ સ્પેશિયલ ઓપરેશન હાથ ધરીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ૩ આતંકીઓને ઠાર કર્યા હતા.તમને જણાવી દઈએ કે કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ જમ્મુ અને કાશ્મીરમાં પહેલીવાર વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણી પંચે રાજ્યની ૯૦ વિધાનસભા બેઠકો પર મતદાન માટે ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. જમ્મુ અને કાશ્મીરના લોકો ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે તેમની સરકારને પાંચ વર્ષ માટે પસંદ કરવા માટે મતદાન કરશે. સુરક્ષા સંવેદનશીલ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. વિધાનસભા ચૂંટણીના પરિણામો ૪ ઓક્ટોબરે આવશે. પ્રથમ તબક્કામાં ૨૪ બેઠકો પર, બીજા તબક્કામાં ૨૬ બેઠકો અને ત્રીજા તબક્કામાં ૪૦ બેઠકો પર મતદાન થવાનું છે.

## ડુંગળી-બટાકા બાદ કોથમીર અને લીલા મરચાંના ભાવ પણ આસમાને

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

છેલ્લા એક મહિનાથી શાકભાજી અને કઠોળના ભાવો સતત વધી રહ્યા છે. લસણનો ભાવ રૂ. ૪૦૦ પ્રતિ કિગ્રાને પાર થયો છે. આ મોંઘવારીના કારણે ધીમે-ધીમે રસોડામાંથી જરૂરી ચીજો ગુમ થઈ રહી છે. પહેલાં ડુંગળી, બટાકા, ટામેટાં અને હવે લસણ. આ સિવાય એક સમયે શાકની લારી પર ફ્રીમાં મળતાં લીલા મરચા અને ધાણાંના ભાવ રૂ. ૧૦૦ની સપાટી વટાવી ગયા છે. લીલા મરચાં પણ રૂ. ૧૨૦ પ્રતિ કિગ્રાના ભાવે વેચાઈ રહ્યા છે. લસણના ભાવમાં અનેકગણો વધારો થતાં ગૃહિણીઓ માટે લસણની ખરીદી કરવી મુશ્કેલ બની છે, શ્રમજીવી વર્ગ કોરો રોટલો ખાવા મજબૂર બન્યા છે. જે મોટાભાગે રોટલા સાથે લસણ-લાલ મરચાંની ચટણી ખાતો હતો. રિટેલ માર્કેટમાં લસણના ભાવ આસમાને પહોંચતાં બજારમાં તેની માગ ઘટી છે. લસણ ઉપરાંત ૨૦ રૂપિયે કિલો મળતા બટાકાની કિંમત રૂ. ૫૦-૬૦ પ્રતિ કિગ્રા થઈ છે. ડુંગળી પણ તેટલી જ કિંમતે વેચાઈ રહી છે. બીજી તરફ ગવાર, તુવેર, રીંગણ, ચોળી, ફુલાવર સહિતના લીલા શાકભાજીના ભાવ પણ બમણાં થયા છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી લસણના ભાવ સતત વધી રહ્યા છે. જેના કારણે બજારમાં માગ જોવા મળી રહી નથી. લસણની ઓછી માગના કારણે તેમજ હવામાનની અસર, પાકના ખર્ચ સામે યોગ્ય વળતર ન મળવા જેવા અનેક કારણોના કારણે ખેડૂતો લસણની ખેતીમાંથી ડાયવર્ટ થયા છે.

## ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર જીએસટી ઘટાડવાનો નિર્ણય મોકૂફ રખાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

જીએસટી કાઉન્સિલની ૫૪મી બેઠક શરૂ થઈ ચૂકી છે. જેમાં મુખ્ય ફોકસ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પર વસૂલવામાં આવતા જીએસટી પર છે. આ બેઠકમાં આ મુદ્દે નિર્ણય આગામી બેઠક પર ટાળવામાં આવ્યો છે, કારણકે લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ પર લાગુ જીએસટી દૂર કરવા માટે વ્યાપક સર્વસંમતિની જરૂર પડશે. આ સિવાય ઓઈલ અને ગેસ એક્સપ્લોરેશન પર સબકોન્ટ્રાક્ટિંગ પર ૧૮ ટકા જીએસટી લાગુ કરવાનો નિર્ણય પણ મોકૂફ રાખ્યો છે. રિસર્ચ અને ગ્રાન્ટ્સ પર જીએસટી માફ કરવામાં આવી છે. બીજુ મહત્ત્વનું ફોકસ રૂ. ૨ હજારના ડિજિટલ ટ્રાન્જેક્શન પર હતું. જેમાં ડેબિટ અને ક્રેડિટ કાર્ડ મારફત રૂ. ૨૦૦૦ સુધીના ઓનલાઈન ટ્રાન્જેક્શન માટે બિલડેસ્ક અને સીસીએવેન્યૂ જેવા પેમેન્ટ એગ્રીગેટર્સ પર ૧૮ ટકા જીએસટી લાગુ કરવાની યોજના છે, પરંતુ હાલ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, આ મુદ્દો ફિટમેન્ટ કમિટી પાસે મોકલવામાં આવ્યો હોવાનું ઉત્તારખંડના નાણા મંત્રી પ્રેમચંદ અગ્રવાલે જણાવ્યું છે. વધુમાં, જીએસટી કાઉન્સિલે હેલિકોપ્ટર મારફત યાત્રા પર જીએસટી ઘટાડવાની માગ સ્વીકારી લીધી હોવાનું જણાવ્યું છે. યાત્રા કરતાં યાત્રાળુઓ માટે જીએસટી રેટ ૧૮ ટકાથી ઘટાડી ૫ ટકા કરાશે.

## વડોદરામાં ફ્લેટની છત પર અરબી ઝંડો લગાવ્યો

### તાત્કાલિક અરબી ઝંડો દુર કરવામાં આવ્યો : ઝંડા લગાવનાર તત્વોની શોધખોળ શરૂ કરવામાં આવી



। (એજન્સી) વડોદરા, તા.૯ ।

ગુજરાતમાં ગણેશોત્સવની રંગેચંગે ઉજવણી થઈ રહી છે. ત્યારે સુરતમાં ગઈકાલે રાત્રે વાતાવરણ તંગ થયું હતું. તો હવે વડોદરમાં પણ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા અર્બન ૭ ફ્લેટ્સના ટેરેસ પર અરબી ઝંડો લગાડવામાં આવતા સ્થિતિ તંગ થવા પામી છે. આ મામલે સ્થાનિક કોર્પોરેટર નિતિન દોંગાને જાણ થતા જ તેઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઝંડો દુર કરાવ્યો હતો. ઘટનાને પગલે ફ્લેટ્સમાં મોટી સંખ્યામાં પોલીસ ખડકી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

વડોદરા શહેરનું શાંતિપૂર્ણ વાતાવરણ ડહોળાય તેવા પ્રયાસો થયા હોવાનું સામે આવ્યું છે. શહેરના ભાયલી વિસ્તારમાં આવેલા અર્બન ૭ ફ્લેટ્સના ટેરેસ પર અરબી ઝંડો લહેરાઈ રહ્યો હોવાનું જોવા મળ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર નિતિન દોંગા દોડી આવ્યા હતા. અને તાત્કાલિક અરબી ઝંડો દુર કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે જાણ થતા જ સ્થાનિક પોલીસ મોટી સંખ્યામાં દોડી આવી હતી.

કોર્પોરેટર નિતિન દોંગાએ કહ્યું કે, ટાવર પર ઝંડા લાગશે તો તોડી પાડવામાં આવશે. વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરશે તો પોલીસની જરૂર પણ નહીં પડે. અરબી ઝંડા કોઈ પણ જગ્યાએ નહીં લાગે. અમે ખોટું કરતા નથી. અને ખોટું થવા દઈશું નહીં. આ હિન્દુસ્તાન છે, બધા પ્રેમથી રહો. બાકી અમે મહાદેવના સંતાનો છીએ કોઈ હવામાં હશે તો હવા કાઢી દેવામાં આવશે. સમગ્ર ઘટના બાદ અર્બન ૭ ફ્લેટ્સ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. પોલીસ દ્વારા અરબી ઝંડા લગાવનાર તત્વોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.





IITE ગાંધીનગર દ્વારા આયોજિત સૈનિક સ્કુલના શિક્ષકોના તાલીમ વર્ગને મંત્રી પ્રફુલ્લ પાનસરિયાના હસ્તે ખુલ્લો મુકાયો. બાળકોમાં શિક્ષણ થકી જ સારા વિચારો પ્રસ્થાપિત અને ત્યગાની ભાવના પેદા કરી શકાય છે.

## અંબાજી પર્વત પર આંટાફેરા કરી રહેલુ રીંછ પાંજરે પૂરાયું

। (માહિતી) અંબાજી, તા.૯ ।

અંબાજી પર્વત પર સતત છેલ્લા ૨૧ દિવસથી રીંછે ધામા નાખ્યા હતા અને અલગ અલગ જગ્યાએ આંટાફેરા કરતુ જોવા મળી રહ્યુ હતુ. જેને લઈને વેપારીઓના જીવ તાળવે ચોંટ્યા હતા. હાલ ભાદરવી પૂનમના મેળાની પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે યાત્રિકોની સુરક્ષાને લઈને પણ ચિંતા વધી હતી. જો કે વનવિભાગના પ્રયાસોથી આખરે આ રીંછ પાંજરે પુરાઈ જતા વનવિભાગ અને વેપારીઓ સહિત સહુ કોઈએ રાહતનો શ્વાસ લીધો છે. અંબાજી પર્વત પર સતત ૨૧ દિવસથી રીંછ અલગ-અલગ જગ્યાએ દેખા દેતું હતું. આખરે વનવિભાગને રીંછને પાંજરે પુરવામાં સફળતા મળી છે. ભાદરવી પૂનમના મેળા નિમિત્તિ મોટી સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી આવતા હોય છે. આવા સમયે રીંછના હુમલાની ભીતિ હતી. પરંતુ વનવિભાગે મેગા ઓપરેશન કરીને રીંછનું રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડ્યું છે. ગબ્બર પર રીંછને પકડવા માટે ૫ કલાકની મહેનત બાદ ટીમ દ્વારા રીંછને ગઈ રાત્રે પકડી પાડવામાં આવ્યુ હતું. ફોરેસ્ટ ટીમ અને રેસ્ક્યૂ ટીમ દ્વારા સ્ટેંક્યું ગનથી બેભાન કરી રીંછનું રેસ્કયૂ કરાયું હતું. સતત ૨૨ દિવસથી ગબ્બરની પહાડીઓ પર રીંછ આંટાફેરા કરતુ હતુ. ત્યારે ગબ્બર પર આવતા યાત્રીકોની સુરક્ષાને લઈને સવાલો ઊભા થયા હતા. ત્યાર બાદ ગઈકાલે સવારથી જ રેસ્ક્યૂ ટીમ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સતત મોનીટરીંગ અને વોચ રાખી આખરે રીંછનું રેસક્યૂ કરાયું હતું. રીંછ પાંજરે પુરાતા હવે અંબાજીના વેપારીઓએ રાહત અનુભવી છે કારણ કે રીંછના હુમલાની ભીતિના કારણે કેટલીક જગ્યાએ વેપારીઓ દુકાનો ખોલતા ન હતા. કેટલીક જગ્યાએ રીંછે માલ-સામાનને નુક્સાન કર્યાનું પણ સામે આવ્યું હતું અંબાજીમાં ભાદરવી પૂનમ પર લાખો ભક્તો આવે છે. પ્રવાસીઓ અને પગપાળા ચાલીને આવતા ભક્તોને હવે રાહત મળી છે કારણ કે વનવિભાગે રીંછનું રેસ્ક્યૂ કરી લીધું હોવાથી હવે કોઈ હુમલાની ભીતિ નથી

## રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર ૪૮ મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

પરંપરાગત ઈંધણ પરથી ભારણ હટાવીને, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ૫૦ ટકા વીજળી આપૂર્તિ વિવિધ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત દ્વારા થાય, તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પહેલ હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં ૐ૨૧-પેરિસ ખાતે વડાપ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિએ સંયુક્ત રીતે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) લૉન્ચ કર્યું હતું. ૧૨૧ દેશોમાં સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે આ આંતરરાષ્ટ્રીય સહયોગ કરવામાં આવ્યો છે. ભારતમાં ઉજાલા યોજના, નેશનલ સોલાર મિશન, સ્વચ્છ ભારત અભિયાન તેમજ ગ્રીન ગ્રોથને લગતા વિવિધ નિર્ણયો પર્યાવરણને અનુકૂળ વિકાસ તરફ ભારતની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરે છે. ભારતના આ સંયુક્ત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત એક અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે. આ દિશામાં આગળ વધતા, રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૮ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે, જેના માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ૧૭૭.૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં અંદાજે ૩૬ ગીગાવોટથી વધુ સૌર ઊર્જાની ઉપલબ્ધતા સંભવિત છે. તેનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી રાજ્ય સરકારના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા રાજ્ય સરકારની વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત માર્ચ ૨૦૨૪ સુધીમાં, રાજ્યની વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ યોજનાને આગળ લઈ જવા માટે આ વર્ષે રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર ૪૮ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. તેના માટે રાજ્ય સરકાર દ્વારા ૧૭૭.૪ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે. પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે, ખાસ કરીને સૌર અને પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાત એક અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સોલાર પાર્કનું નિર્માણ અને રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનને ઘરો સુધી પહોંચાડીને, રાજ્યની મબલખ સૌર ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચારણકા સોલાર પાર્ક જેવા પ્રોજેક્ટની સફળતાએ ગુજરાતને ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદનમાં મોખરે પહોંચાડ્યું છે. વધુમાં, દરિયાકાંઠે આવેલા વિન્ડ ફાર્મ્સે રાજ્યની પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ના છેલ્લા આંકડા અનુસાર ગુજરાતમાં કુલ ૨૪૭૬૫.૩ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં ૯૬૩૭ રેં સોલાર, ૧૪૨૦૧ રેં પવન, ૮૮૫.૩૨૫ રેં હાઈડ્રો, ૬૯ સ્મોલ હાઈડ્રો અને ૪૨ રેં બાયોમાસ અને બગાસ છે. વિશ્વભરમાં ઊર્જાના વપરાશમાં સૌથી વધુ ઉપયોગ અશ્મિભૂત ઈંધણનો થતો હોય છે, પરંતુ આ ઈંધણ ફક્ત નિશ્ચિત સમયમર્યાદા માટે જ ઉપલબ્ધ છે અને પર્યાવરણ પર પણ તેની અનેક ગંભીર અસરો થતી જોવા મળે છે. સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરીને ભાવિ પેઢી માટે એક બહેતર ભવિષ્યની કેડી કંડારવી ખૂબ જરૂરી છે. ગુજરાતે આ વાત બરાબર સમજીને આત્મસાત કરી છે અને રાજ્યએ સોલાર પ્રોજેક્ટ્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને દમદાર રીતે અમલમાં મૂક્યા છે. સૂર્યની શક્તિને મહત્વની ઊર્જાશક્તિ તરીકે વિકસાવીને નાગરિકોની ઊર્જા આવશ્યકતા, પર્યાવરણીય સમતુલા અને આર્થિક વિકાસ, આ ત્રણેય પાસાને એકબીજા સાથે સાંકળીને ગુજરાતે વિકાસની કેડી કંડારી છે.

### મુસાફરોને હવે દીવ જવાનું મોંઘું પડશે

## લોકોને લૂંટવાનો નવો ધંધો, ઉનાથી જૂનાગઢની વચ્ચે ત્રણ ટોલનાકા

। (એજન્સી) જુનાગઢ, તા.૯ ।

હાઈવે ઓથોરિટીના નિયમ પ્રમાણે ૬૦ કિલોમીટર કરતાં વધારેના અંતરે એક ટોલ બુથ હોવું જોઈએ, પરંતુ આ નિયમ ઉના-જૂનાગઢ રાષ્ટ્રીય ધોરી માર્ગ માટે જાણે અલગ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ વંથલી નજીક ગાદોઈ અને વેરાવળ નજીક ડારી ખાતે બે ટોલ બુથ છે, ત્યારે સોમનાથથી ઉના વચ્ચે બની રહેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગને લઈને બે નવા ટોલ બુથ કોડીનાર નજીક વેળવા ગામ અને ગોરખમઢી નજીક આગામી દિવસોમાં શરૂ થવા જઈ રહ્યા છે. જેના કારણે પ્રવાસન સ્થળ દીવ, સોમનાથ અને સાસણ અને જૂનાગઢ આવતા પ્રવાસીઓ અને વ્યવસાયિક વાહનચાલકોને વધુ બે ટોલબુથ પર આગામી દિવસોમાં ચાર્જ ચૂકવવો પડશે. ત્યારે હાઈવે ઓથોરિટી જાણે લોકોને લૂંટવા બેઠી હોય તેવા આક્ષેપો થઈ રહ્યા છે.

જુનાગઢ સોમનાથ વચ્ચે બે ટોલ બુથ કાર્યરત છે ત્યારે સોમનાથ ઉના નેશનલ હાઈવેમાં હવે ગોરખમઢી અને કોડીનાર નજીક વધુ ૨ ટોલ બુથ ટૂંક સમયમાં શરૂ થવાના છે, ત્યારે ઉનાથી જુનાગઢ વચ્ચે આવતા વ્યવસાયિક અને પ્રવાસીઓ વાહન ચાલકો વારંવાર રોષ વ્યક્ત કરી રહ્યા છે. અને હાઈવે ઓથોરિટી જાણે લોકોને લૂંટવા બેઠી હોય તેવા આક્ષેપો કરી રહ્યા છે. સામાન્ય રીતે છેલ્લા કેટલાક વર્ષોમાં સોમનાથ સહિત તેમની આસપાસના વિસ્તારોનો સારો એવો વિકાસ થયો છે અને સોમનાથ મંદિર સહિત દીવ, સાસણ અને તુલસીશ્યામમાં દેશભરમાંથી પ્રવાસીઓ આવતા હોય છે અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પરંતુ સરકાર અને હાઈવે ઓથોરિટી જાણે લોકોને લૂંટવા બેઠી હોય તેમ વેરાવળ નજીકના ડારી ટોલ નાકાથી લઈ કોડીનાર સુધીના ૬૩ કિલો મીટરના વિસ્તારમાં ત્રણ ટોલ નાકા ઉભા કરી દેતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે, કારણ કે ડારી ટોલ નાકું કાર્યરત છે.

અને આગામી દિવસોમાં વધુ બે ટોલ બુથો શરૂ થવાની તૈયારીને લઈ પ્રવાસીઓ ભારોભાર રોષ વ્યક્ત કરી રહ્યા છે.

ટુરિઝમને લઈને સાસણ, જુનાગઢ, સોમનાથ અને દીવ આ પર્યટન સ્થળો વચ્ચે લાખોની સંખ્યામાં પ્રવાસીઓ સમગ્ર વર્ષ દરમિયાન આવતા હોય છે.

## ભાદરવી પુનમને લઈ અંબાજી મંદિરમાં દર્શનના સમયમાં વધારો

। (એજન્સી) અંબાજી, તા.૯ ।

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પુનમનાં મેળાનો તારીખ ૧૨ સપ્ટેમ્બરથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ ભાદરવી પુનમનો મેળો ૧૮ સપ્ટેમ્બર સુધી ૭ દિવસ ચાલશે. આ મેળામાં આવતાં લાખ્ખો પદયાત્રીઓને શાંતી અને સરળતાથી દર્શનનો લાભ સરળતાથી મળી શકે તે માટે મેળાનાં આ સાત દિવસ માંટે દર્શન આરતીનાં સમયમાં ફેરફાર કરાયો છે. મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવનાર હોઈ તમામ ને દર્શનનો લાભ મળી રહે તેમાટે દર્શન નાં સમયમાં પણ વધારો કરાયો છે. જે આરતી સવારે ૦૭.૩૦ કલાકે થતી હતી તેનાં બદલે મેળા નાં મેળાના સાતે દિવસ સવાર ની આરતી ૦૬.૦૦ થી ૦૬.૩૦ સુધી થશે. સવારે દર્શન ૦૬.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી. જ્યારે બપોરે દર્શન ૧૨.૩૦ થી સાંજ નાં ૦૫.૦૦ કલાક સુધી ખુલ્લા રહેશે. સાંજની આરતી ૦૭.૦૦ થી ૦૭.૩૦ સુધી અને રાત્રીનાં દર્શન સાંજે ૦૭.૩૦થી રાતનાં ૦૯.૦૦ના બદલે મોડી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી મંદિર ખુલ્લા રાખવાનો નિર્ણય ટ્રસ્ટ દ્વારા લેવાયો છે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૫૦ તાલુકામાં વરસાદ ખાબક્યો

## આગામી ત્રણ દિવસ ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ચોમાસાના અંતિમ ચરણ સમયે રાજ્યમાં મેઘરાજાએ થોડા દિવસ વિરામ લીધો છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૧૧ સપ્ટેમ્બર સુધી મધ્ય અને ઉત્તર ગુજરાતના અમુક વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. ચાલો જાણીએ ક્યાં પડશે કેવો વરસાદ. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં ભરૂચના વાલિયામાં ૧૧૧ મિ.મી. અને ભરૂચમાં ૭૯ મિ.મી., બોટાદના બરવાળામાં ૬૩ મિ.મી., નવસારીના વાંસદામાં ૫૨ મિ.મી. વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં થોડા દિવસ વિરામ બાદ મેઘરાજા વરસવાના મુડમાં છે, ત્યારે આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં ૯ સપ્ટેમ્બરે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાયના ૨૯ જિલ્લામાં નો વોર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૧૦ સપ્ટેમ્બરે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદી માહોલ શાંત છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ૧૧ સપ્ટેમ્બર સુધી મધ્ય અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ૧૧ સપ્ટેમ્બરે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

વિશેષ

### ૧૧મી વેસ્ટર્ન રિજનલ પોલીસ કો-ઓર્ડીનેશન બેઠક યોજાઇ

## રાજ્યો વચ્ચે સંકલન ખૂબ જરૂરી : ગુનાઓ પર અંકુશ લાવવા તથા ગુનાખોરીના પ્રિવેન્શન-ડિટેક્શન માટે આ બેઠકો અત્યંત મહત્વનો ભાગ ભજવે છે : રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય

**વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા, દાદરા નગર હવેલી, દીવ-દમણ અને મધ્યપ્રદેશ રાજ્યના ડીજીપી દ્વારા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી**

। (માહિતી) ગાંધીનગર, તા.૯ ।

૧૧મી વેસ્ટર્ન રિજનલ પોલીસ કો-ઓર્ડીનેશન (પશ્ચિમ ઝોન પ્રાદેશિક પોલીસ સંકલન) કમિટીની બેઠક આજે પોલીસ ભવન, ગુજરાત ખાતેથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. ગુજરાત રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયની અધ્યક્ષતામાં યોજાયેલી આ વર્ચ્યુઅલ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા, દાદરા નગર હવેલી, દીવ-દમણ અને મધ્યપ્રદેશ રાજ્યના ડીજીપી રેન્કના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ જોડાયા હતા અને પ્રિવેન્શન-ડિટેકશન કામગીરીમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ સહિતના અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, રાજ્યો વચ્ચે આંતરિક સંકલન ખૂબ જરૂરી છે. ગુનાઓને અંકુશમાં રાખવા તથા ગુનાખોરીના પ્રિવેન્શન-ડિટેકશન કામગીરીમાં આવી પરિષદો-બેઠકો અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. અલગ અલગ રાજ્યો દ્વારા અપનાવવામાં આવતી ટેકનોલોજી તથા પદ્ધતિઓ (બેસ્ટ પ્રેક્ટિસીઝ) અંગે માહિતગાર થઈ તેનો અન્ય રાજ્યોમાં અનુસરણ કરવા માટે પણ આ પ્રકારની બેઠકની સાથોસાથ ઈન્ટર સ્ટેટ કો-ઓર્ડીનેશન ખૂબ મહત્વપૂર્ણ સાબિત થાય છે. તે ઉપરાંત વર્તમાન પડકારો સામે ડીલ કરવા માટે આ બેઠક માર્ગદર્શક બની રહે છે. નોંધનીય છે કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ વર્ષ-૨૦૧૫થી ડીજીપીશ્રી સાથે નેશનલ લેવલની કો-ઓર્ડીનેશન કોન્ફરન્સ અને ત્યાર બાદ વર્ષ-૨૦૧૬થી આ પ્રકારની ઝોનલ કોન્ફરન્સ શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત આજે ૧૧મી વેસ્ટર્ન રિજનલ પોલીસ કો-ઓર્ડીનેશન કમિટીની બેઠકનું ગુજરાત પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પોલીસ દ્વારા આજે ત્રીજી વખત વેસ્ટર્ન રિજનલ પોલીસ કો-ઓર્ડીનેશન કમિટીની બેઠક આયોજિત થઈ છે. ગુજરાત પોલીસ રીફોર્મ્સ એડીજીપી ડૉ. નિરજા ગોટરુ દ્વારા સમગ્ર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ દરમિયાન સાયબર ક્રાઈમ પ્રિવેન્શન, ઈન્ટર સ્ટેટ કો-ઓર્ડીનેશન, બોર્ડર મેનેજમેન્ટ, કન્વિકશન રેટ વધારવા માટેના પગલાઓ, ત્રણ નવા ફોજદારી કાયદાઓના અસરકારક અમલીકરણ, ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ સહિતના વિવિધ મુદ્દાઓ પર ઉંડાણપૂર્વક ચર્ચાઓ કરવામાં આવી હતી.



આ બેઠકમાં ગુજરાત પોલીસમાંથી લૉ એન્ડ ઓર્ડર ડીજીપી શ્રી શમશેર સિંઘ, સી.આઈ.ડી ક્રાઈમ એડીજીપી શ્રી રાજકુમાર પાંડિયન, પી એન્ડ એમ એડીજીપી શ્રી ખુરશીદ અહેમદ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ તેમજ મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા, દાદરા નગર હવેલી, દીવ-દમણ અને મધ્યપ્રદેશ રાજ્યના ડીજીપી-એડીજીપી કક્ષાના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

# હાથમાં મીણબત્તીઓ, રસ્તાઓ પર પેઈન્ટિંગ, હજારો લોકો રસ્તા પર ઉતર્યા

## કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં લેડી ડોક્ટર સાથેની અત્યાચાર બાદ લોકોનો ગુસ્સો અટકવાનો નામ નથી લઈ રહ્યો



। (એજન્સી) કોલકાતા, તા.૯ ।

કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં લેડી ડોક્ટર સાથેની અત્યાચાર બાદ લોકોનો ગુસ્સો અટકવાનો નામ નથી લઈ રહ્યો. આ દર્દનાક ઘટનાને લગભગ એક મહિનો થઈ ગયો છે. પરંતુ લોકોનો ગુસ્સો હજુ પણ રસ્તાઓ પર યથાવત છે. કોલકાતામાં દરરોજ હજારો લોકો આ ઘટનાનો વિરોધ કરવા અને આરોપીઓને સજા અને કડક કાયદાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવે છે. દરમિયાન રવિવારે રાત્રે પણ યુવાનોનું પ્રદર્શન જોવા મળ્યું હતું. રવિવારે હજારો વિદ્યાર્થીઓ કોલકાતાના રસ્તા પર ઉતરી આવ્યા હતા. હાથમાં મીણબત્તીઓ લઈને યુવાનોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન જાદવપુરની સડકો પર બળાત્કાર રોકવા સંબંધિત ચિત્રો પણ બનાવવામાં આવ્યા હતા. કેટલાક હાથમાં ત્રિરંગો પણ જોવા મળ્યો હતો. લોકો આરોપીઓને વહેલી તકે સજા કરવાની માંગ કરતા જોવા મળ્યા હતા.આ પ્રદર્શનમાં દરેક વર્ગના



લોકોએ ભાગ લીધો હતો. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ક્લે મોડલર્સ, રિક્ષાચાલકો અને જુનિયર ડૉક્ટરો એક મહિના પહેલાં થયેલા લેડી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં કોલકાતાની શેરીઓમાં વિવિધ સ્વરૂપોમાં ઉતરી આવ્યા હતા.દક્ષિણ કોલકાતાની ૪૦ થી વધુ શાળાઓના લગભગ ૪,૦૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હતી, પીડિતા માટે ન્યાયની માંગ સાથે ૨ કિલોમીટરનું અંતર કૂચ કર્યું. રાશ બિહારી એવન્યુથી ગરિયાહાટથી શ્યામા પ્રસાદ મુખર્જી રોડના આંતરછેદ સુધી ચાલતી વખતે વિવિધ વય જૂથોના વિદ્યાર્થીઓએ 'અમને ન્યાય જોઈએ છે' ના નારા લગાવ્યા હતા. પીડિતાની માતાએ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. સુપ્રીમ કોર્ટ સોમવારે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં જુનિયર ડૉક્ટરની હત્યા અને બળાત્કારના કેસની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી કારણ યાદી અનુસાર, ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ ૯ સપ્ટેમ્બરે કેસની સુનાવણી કરશે. તમને જણાવી દઈએ કે ૮-૯ ઓગસ્ટની રાત્રે આરજી કાર હોસ્પિટલમાં એક મહિલા ડૉક્ટર સાથે બર્બરતાના સમાચાર સામે આવ્યા હતા. ત્યારથી લોકોનું પ્રદર્શન ચાલુ છે.

---

### ન્યૂઝ બ્રિફ

## AAPએ હરિયાણામાં પ્રથમ યાદી જાહેર કરી



। (એજન્સી) ચંદીગઢ, તા.૯ ।

હરિયાણામાં કોંગ્રેસ સાથે ગઠબંધનના અહેવાલો વચ્ચે આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પાર્ટીએ આ યાદીમાં ૨૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારોની આ યાદી એવા સમયે બહાર પાડી છે જ્યારે બંને પક્ષો વચ્ચે ગઠબંધન અંગે ચર્ચા થઈ રહી હતી અને ગઠબંધન થશે કે નહીં તે અંગે છછઁ કે કોંગ્રેસ દ્વારા કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી. AAP દ્વારા હરિયાણામાં ગઠબંધનને લઈને કોંગ્રેસ પાસેથી ૧૦ સીટોની માંગ કરી રહી હતી, પરંતુ હવે આમ આદમી પાર્ટીએ તેના ૨૦ ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જેનાથી લાગે છે કે હરિયાણામાં કોંગ્રેસ-આપ ગઠબંધન નહીં થાય. AAP એ ૧૧ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર જ્યાં કોંગ્રેસ પહેલાથી જ ઉમેદવારો જાહેર કરી દિધા છે. જેમાં ઉચાના કલાં, મેહમ, બાદશાહપુર, નારાયણગઢ, સમાલખા, દાબવલી, રોહતક, બહાદુરગઢ, બાદલી, બેરી, મહેન્દ્રગઢનો સમાવેશ થાય છે. કોંગ્રેસે હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે બે દિવસ પહેલા પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. આ યાદીમાં કોંગ્રેસે પોતાના ૩૧ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. કોંગ્રેસે શુક્રવારે જ પાર્ટીમાં જોડાયેલા પહેલવાન વિનેશ ફોગાટને જીંદની જુલાના વિધાનસભાથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

## જેમના પત્તાં કપાયા એવા નારાજ નેતાઓને સોંપી જવાબદારી



। (એજન્સી) જમ્મુ, તા.૯ ।

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો જોરશોરથી પ્રચારમાં જોડાઈ ગયા છે. આ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ જમ્મુ કાશ્મીરમાં અનેક સંગઠનાત્મક ફેરફાર કર્યા છે. સત શર્માને જમ્મુ કાશ્મીરના કાર્યવાહક અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે આગામી વિધાનસભા ચૂંટણી માટે નિર્મલ સિંહને રાજ્યની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ અને ચૌધરી સુખ નંદનને રાજ્ય ચૂંટણી પ્રચાર સમિતિના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પાર્ટીના આ ફેરફારને ડેમેજ કંટ્રોલ તરીકે જોવામાં આવી રહ્યું છે. હકીકતમાં કેટલાક દિગ્ગજ નેતાના પત્તા કપાયા હોવાથી ભાજપના સ્થાનિક નેતાઓમાં અસંતોષ જોવા મળી રહ્યો હતો. હકીકતમાં ભાજપે જેમને આ વખતે ટિકિટ નથી આપી, તેથી કેટલાક દિગ્ગજો નારાજ છે, એવા વરિષ્ઠ નેતાઓને મનાવવાની સતત કોશિશ કરી રહ્યું છે. ભાજપના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ મંત્રી સત શર્માને જમ્મુ કાશ્મીર ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકેની આ નવી જવાબદારી આપવામાં આવી છે.

---

### બાંગ્લાદેશમાં દુર્ગા પૂજા પર વચગાળાની સરકારની આવી તૈયારી

## બાંગ્લાદેશમાં દુર્ગા પૂજા પર મંદિરોની સુરક્ષા માટે મદરેસાના વિદ્યાર્થીઓને તૈનાત કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દુર્ગા પૂજા દરમિયાન સંભવિત અશાંતિની આશંકા વચ્ચે, બાંગ્લાદેશની વચગાળાની સરકારે રવિવારે સંભવિત બદમાશો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. સરકારે કહ્યું છે કે તે કોઈ પણ સંજોગોમાં હિંદુ તહેવારો દરમિયાન સાંપ્રદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડનારા અથવા પૂજા સ્થાનોને નિશાન બનાવનારાઓને બક્ષશે નહીં. આ ઉપરાંત મંદિરોની સુરક્ષા માટે મદરેસાના વિદ્યાર્થીઓને તૈનાત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. ધાર્મિક બાબતોના સલાહ-કાર ડૉ. એએફએમ ખાલિદ હુસૈને કાલી મંદિરની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, 'જો કોઈ પૂજા સ્થાનો પર ઉપદ્રવ પેદા કરે છે અથવા પૂજા કરી રહેલા લોકોને હેરાન કરે છે, તો અમે તેમને છોડીશું નહીં. અમે તેમને કાયદાના દાયરામાં લાવીશું



અને શાંતિ સુનિશ્ચિત કરીશું.'' દુર્ગા પૂજા ૮-૯ ઓક્ટોબરે છે.ખાલિદ હુસૈને હિંદુ સમુદાયના સભ્યોને તેમના તહેવારો ઉત્સાહ અને ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવવા વિનંતી કરી અને તેમને ખાતરી આપી કે તેમના મંદિરોને કોઈ નુકસાન થવા દેવામાં આવશે નહીં. હુસૈને કહ્યું, ''જો તમને તમારા મંદિરો પર હુમલાનો ડર છે, તો ખાતરી રાખો કે કોઈ પણ ગુનેગાર સફળ નહીં થાય. અમે મંદિરોની સુરક્ષા માટે મદરેસાના વિદ્યાર્થીઓ સહિત સ્થાનિક લોકોને તૈનાત કર્યા છે. અમારા પર કોઈ હુમલો કરશે નહીં અમારા ધાર્મિક તહેવારોની ઉજવણી અટકાવી શકે નહીં.''વચગાળાની સરકાર બાંગ્લાદેશને ભેદભાવ-મુક્ત અને સાંપ્રદાયિકતા-મુક્ત રાજ્યમાં પરિવર્તિત કરવા માંગે છે એમ જણાવતાં હુસૈને કહ્યું, ''અમારો ઉદ્દેશ્ય સુરક્ષિત અને સમૃદ્ધ સમાજ બનાવવાનો છે.'' શેખ હસીનાની હકાલપટ્ટી બાદ વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની હિંસા દરમિયાન હિન્દુ લઘુમતી સમુદાયના વ્યવસાયો અને મિલકતોની તોડફોડ અને મંદિરો પર હુમલાની કેટલીક નોંધાયેલી ઘટનાઓ હતી. ૫ ઓગસ્ટે વિરોધ ચરમસીમાએ પહોંચ્યા બાદ હસીનાએ રાજીનામું આપી દીધું અને ભારત આવી ગયા.હુસૈન શનિવારે રાજશાહી સર્કિટ હાઉસ ખાતે સરકારી અધિકારીઓને મળ્યા હતા અને ચેતવણી આપી હતી કે દુર્ગા પૂજા પહેલા બદમાશો સાંપ્રદાયિક સૌહાર્દને જોખમમાં નાખવાનો પ્રયાસ કરી શકે છે.

---

### બંગાળી અભિનેત્રીનો ડિરેક્ટર પર ગંભીર આરોપ

## મને ખોળામાં બેસાડી અને પછી કિસ કરી : બંગાળી અભિનેત્રી

### અભિનેત્રીએ કોલકાતાની ઘટનાના વિરોધમાં દિગ્દર્શક અરિંદમ સિલની ભાગ લેવા પર પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું

। (એજન્સી) કોલકત્તા, તા.૯ ।

બંગાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક અભિનેત્રીએ નિર્દેશક અરિંદમ સિલ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. અભિનેત્રીનો આરોપ છે કે, ફિલ્મ નિર્દેશકે પહેલા તેને પોતાના ખોળામાં બેસવાનું કહ્યું. આ પછી તેણે તેની સંમતિ વિના તેને કિસ કરી. તેણીનો દાવો છે કે, આ દરમિયાન ઘણા લોકો સેટ પર હાજર હતા અને આ બધું જોઈને હસી રહ્યા હતા. અભિનેત્રીએ કોલકાતાની ઘટનાના વિરોધમાં દિગ્દર્શક અરિંદમ સિલની ભાગ લેવા પર પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. બંગાળી અભિનેત્રીએ હવે આ મામલે કાયદાકીય મદદ લેવાનું નક્કી કર્યું છે. પ શ્ચિમ બંગાળ મહિલા આયોગના અધ્યક્ષ લીના ગંગોપાધ્યાયે કહ્યું કે, અભિનેત્રીનું કહેવું છે કે તેને જાહેરમાં અપમાનિત કરવામાં આવી છે. આવી સ્થિતિમાં તે જાહેરમાં જ માફીનો સ્વીકાર પણ કરશે. દિગ્દર્શક અરિંદમ સિલે જાહેરમાં તેમની પાસે લેખિતમાં માફી માંગવી જોઈએ. હાલમાં અરિંદમ સિલને ડિરેક્ટર એસોસિએશનમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, આ ઘટના ૩ એપ્રિલે ફિલ્મ 'એકતી ખુનીર સંધાને મિટિન'ના સેટ પર બની હતી.



અભિનેત્રીના કહેવા પ્રમાણે, પહેલા તો તેણે મને તેના ખોળામાં બેસવાનું કહ્યું. મેં ના પાડી તો તેણે કમાન્ડિંગ ટોનમાં કહ્યું - 'હું કહી રહ્યો છું, બેસ.'' જ્યારે હું બેઠી ત્યારે તેણે મારા ગાલને કિસ કરી. અભિનેત્રીએ આગળ કહ્યું કે, તે ઘણું ચોંકાવનારું હતું. હું ઝડપથી દૂર ગઈ. તે જ સમયે, દિગ્દર્શક સિલેએ એવું વર્તન કરવાનું શરૂ કર્યું કે જાણે કંઈ થયું જ નથી. આ દરમિયાન ત્યાં હાજર લોકો જાણે જોક સંભળાવતા હોય તેમ હસી પડ્યા હતા. અભિનેત્રીના કહેવા પ્રમાણે, જ્યારે ડિરેક્ટર મોનિટરની સામે ગયા તો મેં તેમને આ વિશે જણાવ્યું.

તેના પર તેમનો પ્રતિભાવ આવ્યો કે, શું તને મજા ન આવી?

અભિનેત્રીએ કહ્યું કે, તેઓ કિસિંગની ઘટના પર કહી રહ્યા છે કે આ અકસ્માતે થયું. હકીકતમાં તેઓ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

---

### બિહારના છપરામાં સનસનાટીભર્યો મામલો

## You Tube જોઈને ડોક્ટર કરી રહ્યો હતો સર્જરી ૧૫ વર્ષના દર્દીનું થયું મોત

। બિહાર, તા.૯ ।

બિહારના સારણ જિલ્લાના છપરા શહેરમાંથી નોંધાયેલી એક આઘાતજનક ઘટનામાં યુટ્યુબ વિડિયો જોયા પછી ડૉક્ટરે કિડની સ્ટોનનું સર્જરી કર્યા પછી ૧૫ વર્ષના છોકરાનું મૃત્યુ થયું. મૃતક છોકરાના દાદાએ એક વીડિયોમાં દાવો કર્યો છે કે ડોક્ટર છોકરાની સર્જરી કરતી વખતે યુટ્યુબ વીડિયો જોઈ રહ્યા હતો અને તેની નકલ કરી રહ્યા હતો. છોકરાના દાદા પ્રહલાદ પ્રસાદ શાહે કહ્યું કે જ્યારે તેમણે ડોક્ટરને કહ્યું કે સર્જરી બાદ છોકરાને પેટમાં અસહ્ય દુખાવો થઈ રહ્યો છે ત્યારે ડોક્ટરે તેમની સાથે ગેરવર્તન કર્યો હતો. દાદાએ કહ્યું કે ડોક્ટરે યુટ્યુબ પર એક વીડિયો જોયા બાદ સર્જરી કરી. તેમણે ડોક્ટરને પૂછ્યું કે સર્જરી કરતી વખતે તેમે વીડિયો કેમ જોઈ રહ્યા હતા, તો ડોક્ટરે તેના ઉપર ગુસ્સે કર્યો હતો. એટલું જ નહીં પરિવારનો એવો પણ આરોપ છે કે તેમણે પેટમાં દુખાવો અને ઉલ્ટીની ફરિયાદ કર્યા બાદ પણ તેઓ છોકરા ગોલુ શાહને નજીકના નર્સિંગ હોમના ડૉક્ટર પાસે લઈ ગયા હતા. પરિવારે ઈમરજન્સી દવા મંગાવી પરંતુ ડોક્ટરે બળજબરીથી છોકરા પર સર્જરી કરી હતી. આ વ્યક્તિએ દાવો કર્યો હતો કે તે છોકરાને પેટમાં દુખાવાની ફરિયાદ કર્યા પછી તરત જ તેને પટના લઈ ગયા હતા. કમનસીબે છોકરો બચી શક્યો નહીં અને મૃત્યુ પામ્યો હતો. છોકરાના દાદાએ એમ પણ કહ્યું કે તેમની પત્ની ૧૫ વર્ષના છોકરાના મૃતદેહ સાથે એકલી હતી અને કોઈક રીતે છોકરાના મૃતદેહને પરત ઘરે લાવવા માટે વાહન મેળવવામાં સફળ રહી હતી. અહેવાલ છે કે નર્સિંગ હોમનો સ્ટાફ અને સર્જરી કરનાર ડોક્ટર ફરાર છે. એ પણ બહાર આવ્યું છે કે છોકરાની સર્જરી કરનાર વ્યક્તિ ડોક્ટર નથી. અને અન્ય ડોક્ટરના ક્લિનિકમાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતો હતો. પોલીસે જણાવ્યું કે તેઓ આ મામલે તપાસ કરી રહ્યા છે.

---

### કેટલાક લોકો લોકશાહીને હાઇજેક કરવા માંગે છે: પિત્રોડા

## રાહુલ ગાંધી હવે પપ્પુ નથી રહ્યા : સામ પિત્રોડાનો દાવો

। (એજન્સી) વોશિંગ્ટન,તા.૯ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અંગે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ મોટું નિવેદન આપ્યું છે. અમેરિકાના ટેકસાસમાં ભારતીય ઈમિગ્રન્ટ્સને સંબોધિત કરતી વખતે કહ્યું કે, રાહુલ ગાંધી પપ્પુ નથી, તેઓ ઊંડી વિચારસરણી ધરાવતા રણનીતિકાર છે. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખે વધુમાં કહ્યું કે, રાહુલ ગાંધી સર્વસમાવેશકતાના હિમાયતી છે. સામ પિત્રોડાએ કહ્યું હતું કે, ''રાહુલ ગાંધી પાસે એક વિઝન છે જે કરોડો રૂપિયા ખર્ચીને ભાજપ દ્વારા પ્રચારિત વિઝનથી બિલકુલ અલગ છે. રાહુલ ગાંધી પપ્પુ નથી. તે ઉચ્ચ શિક્ષિત, સારી રીતે ભણેલા, કોઈપણ વિષય પર ઊંડા વિચાર સાથે વ્યૂહરચનાકાર



છે અને કેટલીકવાર તેમને સમજવું ખૂબ સરળ નથી. ટેક્સાસમાં એક કાર્યક્રમને સંબોધતા સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, પચાસના દાયકાની શરૂઆતમાં શાળાએ જતી વખતે ગાંધીવિચાર આપણા શિક્ષણનો મુખ્ય ભાગ હતો. સમાવેશ અને વિવિધતા એ માત્ર શબ્દો જ નહોતા. તે એવા હતા જેના દ્વારા આપણે જીવતા હતા અને જ્યારે હું આપણા સમાજમાં પરિવર્તન જોઉં છું જે મૂળભૂત માળખા પર હુમલો છે, ત્યારે મને તેની ચિંતા થાય છે. તો ચાલો આપણે સુનિશ્ચિત કરીએ કે આપણે જાતિ, ધર્મ, ભાષા કે રાજ્યને ધ્યાનમાં લીધા વિના આપણા લોકોનું સન્માન કરીએ. અમે બધા માટે સમાન તકો બનાવીએ છીએ, અમે કામદારોને સન્માન આપીએ છીએ અને આ એવા મુદ્દા છે જેની તરફેણ રાહુલ ગાંધી કરી રહ્યા છે અને તેનાથી મને ખૂબ આનંદ થાય છે. સામ પિત્રોડાએ કહ્યું કે, રાહુલ ગાંધીનો એજન્ડા વિવિધતાની ઉજવણી કરવાનો છે. રાહુલ ગાંધીનો એક અલગ એજન્ડા છે જે તેના પર વધુ કેન્દ્રિત છે જેને આપણે લાંબા સમયથી સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ યોગ્ય રીતે સમજી શક્યા નથી અને તે છે સમાવેશ, વિવિધતાની ઉજવણી.

---

## તમિલ અભિનેતા જયમ રવિ ૧૫ વર્ષ બાદ પત્નીથી થયો અલગ

। (એજન્સી) તમિલનાડુ,તા.૯ ।

તમિલ સિનેમાના દિગ્ગજ અભિનેતા જયમ રવિએ આજે સોમવારે એક ચોંકાવનારી માહિતી તેમના ચાહકો સાથે શેર કરી છે. અભિનેતાએ પત્ની આરતી સાથેના ૧૫ વર્ષના સંબંધોનો અંત લાવ્યો છે. અભિનેતાએ તેમની પત્નીથી અલગ થવાની જાહેરાત કરી દીધી છે. જયમ રવિએ વર્ષ ૨૦૦૯માં આરતી સાથે લગ્ન કર્યા હતા. જયમ અને આરતીને બે બાળકો છે. અભિનેતાએ તેમના અલગ થવાની જાહેરાત કરતી એક લાંબી નોટ લખી છે. 'પોન્નિયિન સેલ્વન' ફિલ્મના અભિનેતાએ વર્ષ ૨૦૦૯માં આરતી સાથે લગ્ન કર્યા હતા. આ કપલને આરવ અને અયાન નામના બે બાળકો પણ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી રવિ અને આરતીના અલગ થવાની ચર્ચા ચાલી રહી હતી. જૂન મહિનામાં જ્યારે છૂટાછેડાની અટકળો વહેતી થઈ હતી ત્યારે આરતીએ એક પોસ્ટ દ્વારા આ અટકળો પર પૂર્ણવિરામ લગાવી દીધું હતું. હવે રવિએ પોતે આ માહિતીની પુષ્ટિ કરી છે. ૯ સપ્ટેમ્બરના રોજ આજે, જયમ રવિએ X (Twitter) હેન્ડલ પર લાંબા નિવેદન દ્વારા તેમના છૂટાછેડા વિશે માહિતી આપી હતી. અભિનેતાએ લખ્યું કે, ''ઘણા વિચાર, વિમર્શ અને ચર્ચા બાદ, મેં આરતી સાથેના મારા લગ્નને સમાપ્ત કરવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે. આ નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો નથી, પરંતુ તે વ્યક્તિગત કારણોસર લેવામાં આવ્યો છે.

## ચીનમાં વધુ એક ભયંકર વાયરસ મળી આવ્યો

। (એજન્સી) બેઈજીંગ,તા.૯ ।

ચીનમાં જોવા મળતો નવો ટિક-જન્મિત વાયરસ મનુષ્યોમાં પણ ફેલાઈ શકે છે. આ વાયરસ ન્યુરોલોજીકલ રોગનું કારણ બની શકે છે. વૈજ્ઞાનિકોના એક રિપોર્ટમાં આ વાત સામે આવી છે. તાજેતરમાં (૪ સપ્ટેમ્બર, ૨૦૨૪) ધ ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલ ઑફ મેડિસિનમાં એક અહેવાલ પ્રકાશિત થયો હતો. રિપોર્ટ અનુસાર, વેટલેન્ડ વાયરસ (WELV) નામના પેથોજેનને પહેલીવાર જૂન ૨૦૧૯માં ચીનના જિંઝાઉ શહેરમાં સારવાર લઈ રહેલા એક હોસ્પિટલમાં દર્દીમાં જોવા મળ્યો હતો. ઈનર મંગોલિયાના એક પાર્કની મુલાકાત લીધાના પાંચ દિવસ પછી ૬૧ વર્ષીય વ્યક્તિને તાવ, માથાનો દુખાવો અને ઉલટી થવા પર વાયરસની શોધ થઈ હતી. પીડિતે તબીબોને જણાવ્યું કે તેને પાર્કમાં ટિકે કરડ્યો હતો. એન્ટિબાયોટિક્સ બીમાર વ્યક્તિના લક્ષણોને સરળ બનાવતા ન હતા, જે સૂચવે છે કે ચેપ બેક્ટેરિયાને કારણે થયું નથી. બીમાર વ્યક્તિના લોહીમાં ડીએનએ અને આરએનએના પૃથ્થકરણમાં એક એવો વાઈરસ બહાર આવ્યો જે પહેલાં ક્યારેય જોવા મળ્યો ન હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે તે વાયરસનું એક જૂથ છે જેમાં ટિક દ્વારા વહન કરાયેલા ઘણા વાયરસનો સમાવેશ થાય છે. તપાસમાં ક્રિમિઅન-કોંગો હેમોરહેજિક ફીવર પાછળ પણ વાયરસ હોવાનું જણાયું હતું. આ તાવ એક દુર્લભ અને જીવલેણ રોગ છે જે ટિક કરડવાથી અથવા ચેપગ્રસ્ત લોકોના શારીરિક પ્રવાહીના સંપર્ક દ્વારા મનુષ્યોમાં ફેલાય છે. વેટલેન્ડ વાયરસ (ડબલ્યુઈએલવી) નામનું પેથોજેન અગાઉ પ્રાણીઓ કે મનુષ્યોમાં જોવા મળ્યું નથી.

## BCCIએ બાંગ્લાદેશ સામે ટેસ્ટ માટે ટીમ કરી જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશ વિરુદ્ધ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થનાર ટેસ્ટ મેચ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી છે. બીસીસીઆઈએ બે ટેસ્ટ મેચની સિરીઝની પ્રથમ ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. ફાસ્ટ બોલર યશ દયાલને પ્રથમવાર ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તો જસપ્રીત બુમરાહને પણ રેસ્ટ આપવામાં આવ્યો નથી. અખિલ ભારતીય પસંદગી સમિતિએ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ માટે ભારતની ૧૬ સભ્યોની ટીમની પસંદગી કરી છે. ભારતીય ટીમ ૨૭ સપ્ટેમ્બરથી કાનપુરમાં બાંગ્લાદેશ સામે બીજી ટેસ્ટ રમવાની છે. જો કે બીજી ટેસ્ટ માટે ટીમની પસંદગી હજુ થઈ નથી. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ઉપરાંત ત્રણ મેચની ટી-૨૦ શ્રેણી પણ રમાશે. આ શ્રેણી માટે હજુ સુધી ટીમની પસંદગી હવે થશે. બીસીસીઆઈએ ચેન્નઈમાં રમાનાર પ્રથમ ટેસ્ટ માટે ૧૬ સભ્યોની ટીમ જાહેર કરી છે. આ ટેસ્ટમાં વિકેટકીપર રિષભ પંત, કેએલ રાહુલ અને સરફરાઝ ખાનને પણ તક આપવામાં આવી છે. તો શ્રેયસ અય્યરને ટીમમાં સ્થાન મળ્યું નથી. બાંગ્લાદેશ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ માટે ૧૬ સભ્યોની ટીમમાં ચાર સ્પિનર અને ચાર ફાસ્ટ બોલરોને રાખવામાં આવ્યા છે. બે વિકેટકીપર સહિત આઠ બેટર છે. લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર યશ દયાલને પ્રથમવાર ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

## તંત્રી લેખ...

# મોહમ્મદ યુનુસે ફરી ભારતને બતાવી આંખ

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર પડ્યા બાદ સ્થિતિ સુધરવાનું નામ લઈ રહી નથી પરંતુ વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર અકડ બતાવી રહ્યાં છે. રવિવારે મોહમ્મદ યુનુસે કહ્યું કે તેમનો દેશ ભારતની સાથે સારા સંબંધ ઈચ્છે છે પરંતુ આ સંબંધ સમાનતા અને નિષ્પક્ષતા પર આધારિત હોવો જોઈએ. મોહમ્મદ યુનુસે આ ટિપ્પણી તે વિદ્યાર્થીઓ સાથે એક બેઠક દરમિયાન કરી જેમણે ગયા મહિને આંદોલનમાં ભાગ લીધો હતો અને શેખ હસીનાએ રાજીનામુ આપવું પડ્યું હતું. મોહમ્મદ યુનુસ પોતાના ભાષણોમાં સતત આકરું વલણ લાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. તાજેતરમાં જ એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે ભારતે આ વિચાર ત્યાગી દેવો જોઈએ કે શેખ હસીના જ બાંગ્લાદેશમાં શાંતિ અને સ્થિરતા લાવી શકે છે. મુખ્ય સલાહકારના વિશેષ સહાયક મહફૂઝ આલમે મોહમ્મદ યુનુસના હવાલાથી કહ્યું, 'આપણે ભારતની સાથે સારા સંબંધ રાખવાની જરૂર છે પરંતુ આ સંબંધ સમાનતા અને નિષ્પક્ષતા પર આધારિત હોવા જોઈએ.' બેઠકથી નીકળ્યા બાદ મહફૂઝે કહ્યું, મુખ્ય સલાહકારે કહ્યું છે કે બાંગ્લાદેશ પોતાના પાડોશીઓની સાથે સંબંધ જાળવી રાખવામાં સમાનતા અને આંતરિક સન્માનને હંમેશા મહત્વ આપતો રહ્યો છે. આ દરમિયાન તેમણે પ્રાદેશિક સહકાર માટે દક્ષિણ એશિયન એસોસિએશન (સાર્સ)ને બીજી વખત શરૂ કરવા પર જોર આપ્યું. બાંગ્લાદેશમાં કોટા સિસ્ટમ વિરુદ્ધ શરૂ થયેલો સંઘર્ષ પોતાના અંતિમ તબક્કામાં હિંસક થઈ ગયો હતો. સરકાર વિરોધી પ્રદર્શન બાદ ૫ ઓગસ્ટે શેખ હસીના રાજીનામું આપવા માટે મજબૂર થઈ ગયા અને દેશ છોડીને ભારત આવી ગયાં. શેખ હસીનાના રાજીનામાના થોડા દિવસ બાદ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી, જેના પ્રમુખ મોહમ્મદ યુનુસને બનાવાયા. મોહમ્મદ યુનુસને અમેરિકી પસંદ વાળા નેતા માનવામાં આવે છે. શેખ હસીના પણ દાવો કરી ચૂક્યા છે કે તેમને પદથી હટાવવા માટે અમેરિકાએ ષડયંત્ર રચ્યું હતું. આ સિવાય ઘણા અન્ય રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકી અધિકારીઓએ બાંગ્લાદેશમાં આંદોલનને હવા આપી. ગયા અઠવાડિયે પણ મોહમ્મદ યુનુસ ભારતની સાથે સારા સંબંધની વકાલત કરી ચૂક્યા છે, પરંતુ આ દરમિયાન પણ તેમણે કહ્યું હતું કે ભારતે આ વિચાર ત્યાગી દેવો જોઈએ કે બાંગ્લાદેશમાં માત્ર શેખ હસીના જ શાંતિ અને સ્થિરતા લાવી શકે છે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# ઈર્ષ્યા કરવી એ માનવનો સહજ સ્વભાવ છે

ઈર્ષ્યા કરવી એ માનવનો જન્મજાત સ્વભાવ છે. કોઈપણ વ્યક્તિ ઈર્ષ્યાથી પર નહીં હોય, જાણે અજાણે દરેક વ્યક્તિથી કોઈ ને કોઈ વ્યક્તિની ચોક્કસપણે ઈર્ષ્યા થઈજ જાય છે.એટલું જરૂર છે કે કોઈ વ્યક્તિમાં ઈર્ષ્યાનું પ્રમાણ વધારે હશે તો કોઈ વ્યક્તિમાં ઓછું હશે, પરંતુ કોઈ પણ વ્યક્તિ છાતી ઠોકીને પ્રમાણિકપણે નહીં કહી શકે કે તે પોતે ઈર્ષ્યાળુ નથી અથવા એણે ક્યારે પણ કોઈની ઈર્ષ્યા કરી નથી. ઈર્ષ્યાનું મૂળ ઉદગમ સ્થાન અસંતોષ છે. માણસમાં જ્યારે અસંતોષનો ભાવ જાગે છે, પછી ધીમે ધીમે તે ઈર્ષ્યામાં પરિવર્તિત થઈ જાય છે. ઈર્ષાળુ વ્યક્તિ આપણને દરેક જગ્યાએ જોવા મળે છે, પછી તે ઘર હોય, કુટુંબ હોય, આડોશી પડોશી હોય, નોકરી કે ધંધાનું સ્થળ હોય કે પછી મિત્રો હોય દરેકને ક્યારેક તો ઈર્ષ્યાના ભોગ બનવું જ પડ્યું હશે. દા.ત ઘરમાં માતા-પિતા નાના પુત્ર ઉપર વધારે વહાલ વરસાવતાં હશે કે કોઈ વસ્તુ નાનાભાઈ ને અપાવશે તો મોટાભાઈને તરતજ ઈર્ષ્યા થઈ જશે. બાજુમાં રહેતો પડોશી કાર ખરીદશે કે પોતાના ઘરમાં અવનવી સજાવટ કરશે તો તેનો પડોશી ઈર્ષ્યાથી બળી જશે. સરકારી કે ખાનગી કંપનીમાં નોકરી કરતા બે કર્મચારીઓ એક સરખું જ્ઞાન, આવડત અને કૌશલ્ય ધરાવતા હોય, બન્નેનું કામ તથા જવાબદારી એકસરખાં જ હોય અને જો ' અ' નામના કર્મચારીને પ્રમોશન કે પગાર વધારો મળશે તો 'બ' નામનો કર્મચારી ઈર્ષ્યાથી બળી જશે. બે મિત્રોમાં એક મિત્રની પત્ની સાધારણ દેખાવની હશે અને બીજા મિત્રની પત્ની ખૂબસૂરત અને એકદમ દેખાવડી હશે તો જેની સાધારણ દેખાવની પત્ની છે એ મિત્ર રૂપાળી પત્નીવાળા મિત્રની જરૂરથી ઈર્ષ્યા કરે છે. એવું નથી કે ઈર્ષ્યા મનમાં ને મનમાં થાય છે, કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પાસે જઈને પણ ઈર્ષ્યાની આગ ઑકે છે.

કહેવાય છે કે, દેવો પોતે પણ ક્યારેય ઈર્ષ્યાથી પર રહ્યા નથી અને ઘણાં પ્રસંગો એવા બન્યાં છે કે જાણેઅજાણે એક દેવથી બીજા દેવની ઈર્ષ્યા થયેલી છે. દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૪ પુત્રીઓનું પાણિગ્રહણ ચંદ્ર સાથે કરાવ્યું હતું , પરંતુ ચંદ્રને તો ૨૪ પત્નીઓમાંથી રોહિણી પ્રત્યે સૌથી વિશેષ પ્રેમ અને લગાવ હતો, આથી સ્ત્રી સહજ ઈર્ષ્યાથી પીડાઈને બાકીની ૨૩ બહેનોએ દક્ષરાજાને ચંદ્ર વિરુદ્ધ ફરિયાદ કરી હતી અને દક્ષરાજાએ ચંદ્રને શાપ આપ્યો હતો. રૂક્મણિએ રાધાજીની ઈર્ષ્યા કરી હતી તો દ્રૌપદી એ સુભદ્રાની ઈર્ષ્યા કરી હતી.વિશ્વામિત્ર ઋષિએ પણ મુનિવર વશિષ્ઠની ઈર્ષ્યા કરી હતી. અર્જૂને એકલવ્યની ઈર્ષ્યા કરી હતી. ઈર્ષ્યાની લાયમાં કેટલાંય યુદ્ધો અને ધિંગાણાઓ થઈ ગયા અને કેટલીય જાનહાનિ થયેલી છે. આમ ઈર્ષ્યા કરવાની પરંપરા યુગો પુરાણી છે.

કહેવાય છે કે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં ઈર્ષ્યાનુ પ્રમાણ વધારે હોય છે. અરે, એક બહેન પણ પોતાની નાની કે મોટી બહેનની ઈર્ષ્યા કરવામાં જરાય પાછીપાની કરતી નથી. ઈર્ષ્યા એટલે અદેખાઈ (કોઈનું સારું કે સુખ જોઈ કે ખમી ન શકાય એવો અંતરનો મનોભાવ).

આપણાં જ્ઞાની, ધ્યાની મહાપુરૂષો તથા ઋષિમુનિઓએ ઈર્ષ્યાને આગ સાથે સરખાવી છે. આગ તો માણસને એકજ વાર બાળી મૂકે છે, જ્યારે ઈર્ષ્યાની આગ માણસને જીવે જાગે ત્યાં સુધી બાળતી રહે છે. ઈર્ષા કે અદેખાઈ કરવાથી ઈર્ષાળુ વ્યક્તિ પોતાનું જ પતન નોતરે છે.

(ખાઈમાં પડેલો વ્યક્તિ કદાચ બચી શકે, પરંતુ અદેખાઈમાં પડેલો વ્યક્તિ ક્યારેય ન બચી શકે).

**સામેવાળાનો વિવેક કઈ રીતે જાણી શકાય એની માટે આજે આપણે એક ઉદાહરણ પરથી એ વાત સમજીશું**

# વિવેકની સીધીસાદી વ્યાખ્યા કરીએ, તો વિવેક એટલે અન્ય સાથેનો નમ્ર વ્યવહાર કહી શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**એક અંધ વ્યક્તિ પોતાના જીવનથી પરેશાન છે, અને તેને પોતાની આંખે દુનિયા જોવી છે, એટલે કે પોતાની આંખોની દ્રષ્ટિ પાછી મેળવવી છે, કોઈએ કહ્યું કે હરદ્વારમાં રહેતા સ્વામીજી બહુ સિદ્ધિ ધરાવે છે, અને એ કદાચ તમારી આંખોની દ્રષ્ટિ પાછી લાવી શકે, એ ભાઈ હરદ્વાર આશ્રમમાં પહોંચી જાય છે, અને સ્વામીજીને કહે છે કે, મારે મારી આંખો પાછી મેળવવી છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગણેશ ઉત્સવ ચાલે છે, અને ગણેશ એટલે વિવેક એ સૂત્ર મુજબ આજે વિવેકને જરાં જુદી રીતે જોઈએ. આમ તો વિવેક શબ્દની સીધી સાદી વ્યાખ્યા કરવી હોય તો અન્ય સાથેનો નમ્ર વ્યવહાર! એવો અર્થ કાઢી શકાય. આ ઉપરાંત જાહેરમાં અને અંગત જીવનમાં જે સંતુલન રાખી જીવી શકે, તે વિવેકશીલ છે. વિવેકનું સૌથી મોટું પ્રમાણ વાણી જ છે, તો સામેવાળાનો વિવેક કઈ રીતે જાણી શકાય એની માટે આજે આપણે એક ઉદાહરણ પરથી એ વાત સમજીશું. એક અંધ વ્યક્તિ પોતાના જીવનથી પરેશાન છે, અને તેને પોતાની આંખે દુનિયા જોવી છે. એટલે કે પોતાની આંખોની દ્દષ્ટિ પાછી મેળવવી છે. કોઈએ કહ્યું કે હરદ્વારમાં રહેતા સ્વામીજી બહુ સિદ્ધિ ધરાવે છે, અને એ કદાચ તમારી આંખોની દ્રષ્ટિ પાછી લાવી શકે. એ ભાઈ હરદ્વાર આશ્રમમાં પહોંચી જાય છે, અને સ્વામીજીને કહે છે કે, મારે મારી આંખો પાછી મેળવવી છે. સ્વામીજી અનુભવી અને સિદ્ધ હતાં. એમને થયું કે આને આંખની નહીં પરંતુ દ્રષ્ટિની જરૂર છે, પોતાની પાસે આટલી બધી આંતર ઉર્જા અને આંતર શક્તિ હોવા છતાં, જે નથી તેની પાછળ આનું જીવન ખરાબ થઈ જશે. આથી તેમણે તેને કહ્યું, કે ચોક્કસ તમારી દ્દષ્ટિ પાછી આવશે, પરંતુ એની માટે તમારે છ મહિના વગડામાં તપ કરવું પડશે. એટલે આકરું તપ કરવું એવું નહીં, પરંતુ એકલા રહીને પોતાના વિશે વધુને વધુ ચિંતન કરવાનું, અને જે મળે તે ખાઈ લેવાનું, આમ છ મહિના પછી આપણે પાછાં ભેગા થઈશું. સ્વામીજીના વચન પર તે એક એકાંત વગડામાં ચાલ્યા જાય છે, અહીં ચાર પાંચ મહિના નીકળી ગયાં, અને પોતે રોજ પોતાનું ચિંતન કરે છે, કે ઈશ્વરે મને દ્રષ્ટિ નથી આપી, પરંતુ આ એકાંતવાસમાં પણ મને કોઈ તકલીફ પડતી નથી. કારણ કે આંતર ચક્ષુ દ્વારા હું ઘણી બધી વસ્તુને મહેસૂસ કરી શકું છું, ઘણી વસ્તુના સ્પર્શને કારણે તેને ઓળખી શકું છું, અને તીવ્ર ઘ્રાણે ઈન્દ્રિય તથા શ્રવણશક્તિને કારણે હું એવું તો ઘણું કાર્ય કરી શકું છું, કે જે દેખતો માણસ પણ કરી શકે નહીં. ટૂંકમાં પોતાની જાતથી આત્મસાત થાય છે, અને ત્રૂટિ ભૂલી વિશેષ જ્ઞાન પ્રાપ્ત છે,એ વિષે જ્ઞાત થાય છે. પ રંતુ હજી છ મહિના નથી થયાં, એટલે એ પોતાનાથી થાય તેટલું હરિ ભજન કરે છે. એ જંગલ જે રજવાડાની સીમામાં આવતું હતું, ત્યાંનો રાજા એક દિવસ મંત્રી અને સૈનિક સાથે બીજા રાજ્યમાં જવા નીકળે છે. રસ્તામાં ત્રણેય જણા ઘોડાની ગતિને કારણે છૂટા પડી જાય છે, એટલે કે રાજાનો ઘોડો પાણીદાર હોવાથી તેજ ગતિ કરે છે, પ્રધાનનો તેની પદવી પ્રમાણેનો ઘોડો અને સૈનિકને તેની પદવી પ્રમાણેનો ઘોડો હોય છે. સૌથી પહેલાં અંધ ભીક્ષુક પાસેથી રાજાનો ઘોડો પસાર થાય છે, અને રાજા તેને પૂછે છે કે એ પ્રજ્ઞાચક્ષુ અહીંથી કોઈ પસાર થયું છે? એટલે ભિક્ષુક જવાબ આપે છે કે, ના રાજા અહીંથી કોઈ જ પસાર થયું નથી. રાજા આગળ ચાલ્યા જાય છે. થોડીવાર પછી પ્રધાન ત્યાંથી નીકળે છે, તે રાજા તથા સૈનિકની ભાળ મેળવવા માટે અંધ ભિક્ષુકને પૂછે છે, સુરદાસજી અહીંથી કોઈ પસાર થયું છે? એટલે ભીક્ષુક જવાબ આપે છે કે, હા, અડધી કલાક પહેલા અહીંથી રાજા પસાર થયા, પ્રધાન પણ આગળ ચાલ્યા જાય છે. વળી એકાદ કલાકને અંતે ત્યાંથી સૈનિક પસાર થાય છે, અને તે અંધ ભિક્ષુકને પૂછે છે, એય આંધળાં અહીંથી કોઈ પસાર થયું છે? એટલે ભીક્ષુક જવાબ આપે છે કે હા સૈનિક, રાજા અને પ્રધાનનાં ઘોડા બે કલાક પહેલા વારાફરતી પસાર થયા. થોડીવારમાં ત્રણે જણા ભેગા થઈ જાય છે, અને અંદરોઅંદર વાતચીત કરે છે, કે આપણે એ અંધ વ્યક્તિને કારણે ભેગા થયાં. અચાનક રાજા અને પ્રધાનને વિચાર આવે છે કે, એ વ્યક્તિ તો અંધ છે, તો એણે કઈ રીતે જાણ્યું કે આપ રાજા છો! હું પ્રધાન છું! અને આ સૈનિક છે! ચાલો અંદરોઅંદર તર્ક કરવા કરતાં અહીંથી એ સ્થળ દૂર નથી આપણે એને જ પૂછી લઈએ. થોડીવારમાં ત્રણે જણાં પાછાં આવે છે, અને પુછ્યું કે આપે આ સત્ય કઈ રીતે પકડ્યું? કે પછી આ દ્રષ્ટિ ન હોવાનો દેખાડો છે? અંધ ભિક્ષુક એ બહુ નમ્રતાથી જવાબ આપ્યો કે પહેલી વ્યક્તિ જે અહીંથી ઘોડા પર પસાર થઈ, એણે મને એ પ્રજ્ઞાચક્ષુ કહી સંબોધન કર્યું,આ ઉપરાંત તેના ઘોડાના ડાબલાનો ધ્વનિ પણ પાણીદાર ઘોડા જેવો હતો, અને આટલો વિવેક તો રાજા જ પ્રજાને આપી શકે, અને એવો ઘોડો પણ તેને જ હોય. જ્યારે તેની પછી પસાર થનાર ઘોડેસવાર એ મને સુરદાસજી એવું સંબોધન કર્યું, એટલે એમના વિચારોની પરિપક્વતા, તથા ઘોડાનાં ડાબલા મુજબ એને મેં મંત્રી માન્યા, જ્યારે છેલ્લા ઘોડેસવારે મને આંધળો કહીને બોલાવ્યો એટલે તરત સમજી ગયો કે આ કોઈ સામાન્ય માણસ છે, જેને પોતાની વાણી પર કોઈ વિવેક નથી, અને તેનો ઘોડો પણ સાવ સામાન્ય હોય તેવું લાગતું હતું. અંધ વ્યક્તિ પોતાની સમયમર્યાદા પૂરી કરી અને હરદ્વાર સ્વામીજીના આશ્રમમાં આવે છે, અને બાહ્ય ચક્ષુની હવે તેને કોઈ જ જરૂર નથી, અને આપે મને ખરેખર દ્રષ્ટિ આપી છે, એ વાતનો સ્વીકાર કરે છે. કૃતકૃત્ય થઈને પાછા પોતાના સંસારમાં આવે છે, અને હવે તે દરેક કાર્ય કરવા પૂર્ણતઃ સક્ષમ છે એમ જીવે છે, અને કંઈ કેટલાંય સર્જનાત્મક કાર્ય કરે છે. આ નાનકડું એવું ઉદાહરણ આપણને ત્રણ શીખ આપે છે, પહેલી તો એ અંધ વ્યક્તિની મનોદશા એટલે કે, આંખ નથી એનું એને ભારોભાર દુઃખ હતું. પરંતુ એની બદલે ઈશ્વરે તેને જે આંતર ગુણો આપ્યા છે, એની તરફ એની નજર ગઈ નહીં. બીજી શીખ વાણીના વિવેકની રાજા મંત્રી અને સૈનિકનાં ઉદાહરણ પરથી આપણે જોયું કે વાણી વિચાર અને વર્તનનાં વિવેકથી કોઈ રાજા છે, કોઈ મંત્રી છે, તો કોઈ સૈનિક છે. ત્રીજું ઉદાહરણ છે સ્વામીનું, જો એ અંધ વ્યક્તિ યોગ્ય સાધુ પાસે ન ગયા હોત તો, આ પરિણામ આવી શકે નહીં. આ ઉપરાંત સ્વામીજી પણ ચમત્કારો કરવાવાળા ન્હોતાં, અને વ્યક્તિને પ ોતાની અને સાચી શક્તિનો પરિચય કરાવીને ખામી દૂર કરનારા હતાં, તેમજ વ્યક્તિપૂજા એટલે કે પોતે આવું કરી દેખાડ્યું એવો કોઈ અહમ્ પણ ત્યાં ગવાયો નથી. આપણે સંસારી છીએ અને આ સંસારથી વિમુખ થઈ શકવાના નથી. સમાજ સાથે જ આપણે રોજનો નાતો છે. તો રોજ અંદરોઅંદર ક્લેશ ન થાય એમ વાણી-વર્તન અને વિચારમાં વિવેક રાખીને જીવીએ, તો કદાચ ગઈકાલ સુધી જેનો અત્યંત ભાર લાગતો હતો, ત્યાંથી નાસી છૂટવાનું મન થતું હતું, કે આ બધી જંજાળ છોડી, અને ક્યાંક ચાલ્યા જવું છે, એવો ભાવ થતો હોય ત્યાં આગળ કંઈક જુદો ભાવ પ્રગટી શકે ખરો. સંન્યાસી કરતાં પણ એટલે જ સંસારી સંન્યાસીની ઉપલબ્ધિ વધુ મહાન છે. કારણ કે અહીં તેને અન્ય સાથેના વ્યવહારમાં પોતાની વિરક્તિ દેખાડવાની હોય છે. આપણા જીવન સુધારી અને વ્યવહારોમાં મધુરતા સ્થાપી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**બહિર્મુખ વૃત્તિ એ જ વૃત્રાસુર, તે દેવોને પણ ત્રાસ આપે છે, વૃત્તિ બહિર્મુખ થાય તો કથામાં કે મંદિરમાં, દર્શનમાં આનંદ આવતો નથી**

# કોઇપણ અવસ્થામાં ઈશ્વરથી વિભક્ત થશો નહીં, વૃત્તિ બહિર્મુખ થાય તો દુઃખ અને ત્રાસ આપે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**બ્રહ્મનિષ્ઠા એવી દઢહોવીજોઇએ કે, અન્ય વિષયોમાં જવાનું મન ન થાય, મનુષ્ય વિષયોમાં આનંદ શોધવા જાય છે, એટલે આનંદ મળતો નથી, પ્રભુ ભજનમાં વજ જેવી દ્દઢ નિષ્ઠા રાખો, દધીચિ બ્રહ્મનિષ્ઠ છે, તેથી તેના અસ્થિમાં પણ દિવ્યતા આવી છે, તમારા અસ્થિ એટલે સંપૂર્ણ સત્ત્વ સાથે પ્રભુ ભજન કરો, માળાના એક કરોડ જપ થાય તો માળામાં દિવ્યતા આવે છે, મેતન આવે છે, મંત્ર, મૂર્તિ અને માળા કોઈ દિવસ બદલશો નહીં.**

શ્રાવણ માસ પર્યુષણ પર્વ શિવ ઉપાસના આરાધના અભિષેક તપ વ્રત મેઘમહેર કહેર વચ્ચે પૂરો થયો .આજે જોઈએ તો ભાગવતમાં કર્મની નિંદા નથી,પણ સકામ કર્મની નિંદા ભાગવતમાં ઠેર ઠેર કરવામાં આવે છે. ભાગવતમાં શાસ્ત્રમાં કેવળ ભક્તિનો જ મહિમા છે અને કર્મને ગૌણ માન્યું છે તેવું નથી. પણ સકામ કર્મને ગૌણ માન્યું છે. કર્મ કરો ત્યારે એક જ હેતુ રાખો કે,મારા ઠાકોર જી પ્રસન્ન થાય મંત્રમાં ભૂલ થવાથી યજ્ઞકુંડમાંથી વૃત્રાસુર નીકળ્યો. વૃત્રાસુર દેવોને ત્રાસ આપવા લાગ્યો.દેવોના અસ્ત્ર શસ્ત્રોને ગળી જવા લાગ્યો. દેવો પરમાત્માને શરણે ગયા. પરમાત્માએ દેવોને કહ્યુંકે, દધીચિ ઋષિનાં અસ્થિનું વજ બનાવો. તેનાથી વૃત્રાસુર મરશે. સાથો સાથ ભગવાને દેવોને ઠપકો આપ્યો કે, મને પ્રસન્ન કરી શ્રેષ્ઠ ભક્તિ જેવું વરદાન માગવાને બદલે તમે આવી તુચ્છ વસ્તુ કેમ માગી. દધીચિ ઋષિએ પોતાના અસ્થિ પ્રસન્ન થઈને આપ્યાં. તેમાં પોતાનું દિવ્યતેજ પ્રભુએ પધરાવ્યું તેજ વજ થયું. વૃત્રાસુરને મારવા ઈન્દ્ર આ વજ લઈ યુદ્ધ કરવા લાગ્યા. વૃત્રાસુર એટલે ત્રાસ આપનારીવૃત્તિ.વૃત્તિઅંતર્મુખથાયતોજીવઈશ્વરનુંમિલન થાય. કોઈપણ અવસ્થામાં ઈશ્વરથી વિભક્ત થશો નહીં. વૃત્તિ બહિ ર્મુખ થાય તો દુઃખ આપે છે, ત્રાસ આપે છે. બહિર્મુખ વૃત્તિ એ જ વૃત્રાસુર. તે દેવોને પણ ત્રાસ આપે છે. વૃત્તિ બહિર્મુખ થાય તો કથામાં કે મંદિરમાં, દર્શનમાં આનંદ આવતો નથી. બહિર્મુખ વૃત્તિને જ્ઞાનરૂપી વજથી કાપી નાખો જ્ઞાનરૂપ કુહાડા વડે વિષય વૃત્તિઓ રૂપી વૃત્રાસુરને મારો, તો ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોનેશાંતિ મળશે.ભાગવતમાં પહેલાં ચરિત્ર કહે છે.પછી સિદ્ધાંત કહે છે. બ્રહ્મનિષ્ઠા એવી દઢહોવીજોઇએ કે, અન્ય વિષયોમાં જવાનું મન ન થાય. મનુષ્ય વિષયોમાં આનંદ શોધવા જાય છે, એટલે આનંદ મળતો નથી. પ્રભુ ભજનમાં વજ જેવી દઢ નિષ્ઠા રાખો. દધીચિ બ્રહ્મનિષ્ઠ છે. તેથી તેના અસ્થિમાં પણ દિવ્યતા આવી છે. તમારા અસ્થિ એટલે સંપૂર્ણ સત્ત્વ સાથે પ્રભુ ભજન કરો. માળાના એક કરોડ જપ થાય તો માળામાં દિવ્યતા આવે છે, મેતન આવે છે. મંત્ર,મૂર્તિ અને માળા કોઈ દિવસ બદલશો નહીં. પ્રત્યેક મંત્રમાં દિવ્ય શક્તિ છે. હું મંત્ર પ્રાપ્ત થયો હોય તેમાં દઢ નિષ્ઠા રાખી તેનો જપ કરો. મૂર્તિ પણ બદલવી નહીં.માળા પણ બદલવી નહીં. તેમાં જે સ્વરૂપમાં રુચિ હોય તેમાં પૂર્ણ નિષ્ઠા રાખો. ભગવાન તેમાંથી પ્રગટ થશે. દધીચિનાં અસ્થિનું વજ ધારણ કરી ઈન્દ્ર વૃત્રાસુર સાથે યુદ્ધ કરવા ગયો. ઈન્દ્ર વૃત્રા સુરનું ભયંકર યુદ્ધ થયું, ને ઈન્દ્ર જીત્યો. પણ શાથી? એના યજ્ઞમાંથી પેદા થયેલો વૃત્રાસુર પુષ્ટિ ભક્ત છે. પુષ્ટિ એટલે અનુ ગ્રહ. ઈન્દ્રના હાથમાં વજ છે. તેમાં નારાયણ છે, પણ ઈન્દ્રને દેખાતા નથી. પણ પુષ્ટિ ભક્ત હોવાથી વૃત્રાસુરને પરમાત્મા દેખાય છે, તેથી પરમાત્માને હૃદય માં અંગીકાર કરવા તે અધીરો થાય છે ને ઈન્દ્રને કહે છે, ઈન્દ્ર, તું જલદી વજ માર. ભલે તારી જીત થાય, પણ તારા કરતાં મારા ઉપર ભગવાનની કૃપાવિશેષ છે. જે જીવના ઉપર પરમેશ્વર વધારે કૃપા કરે છે, તેને લૌકિક સુખ વધારે આપતા નથી. લૌકિક સુખ મળે તો જીવ ઈશ્વર થી વિમુખ થાય છે.શ્રીકૃષ્ણનું સેવા સ્મરણ લૌકિક સુખ માટે કરશો નહીં.લૌકિક સુખ માં વિઘ્ન આવે તો સમજવું કે, અલૌકિક સુખનું દાન પ્રભુ મને આપવાના છે તેથી વિઘ્ન આવ્યું છે.જેના ઉપર અસાધારણ કૃપા હોય છે, તેને લૌકિક સુખ માટેનો પ્રયત્ન ભગવાન સફળ થવા દેતા નથી.જે જીવ ઉપર ભગવાન સાધારણ કૃપા કરે છે તેને ભગવાન લૌકિક સુખ આપે છે. આથી પુષ્ટ ભક્ત વૃત્રાસુર બોલ્યો છે,ઈન્દ્ર, તારી જીત થવાની છે. તને સ્વર્ગનું રાજય મળવાનું છે,પણ હું તો મારા ઠાકોર જીના ધામમાં જઈશ કે,જ્યાંથી મારું પતન થવાનું નથી તારું સ્વર્ગમાંથી પતન થશે, પણ મારું પતન થવાનું નથી. ભલે મને લૌકિક સુખ ન મળે પણ હું ભગવાનના ધામમાં જઈશ. છેલ્લે વૃત્રાસુર શ્રીહરિની સ્તુતિ કરે છે. વૃત્રાસુરની સ્તુતિના વૈષ્ણવ ગ્રંથો એ ખૂબ વખાણ કરેલાં છે. સ્તુતિના ત્રીજા શ્લોકને ઘણા મહાત્માઓએ પોતાનો પ્રિય શ્લોક માન્યો છે. ઘણા મહાત્માઓ આ પ્રાર્થનાનું રટણ કરે છે. હે હરિ, હું તો તમારાં જ ચરણ કમળનો અનન્ય દાસાનુદાસ છું અને નવા જન્મે પણ એ જ હું એવી મારી પ્રાર્થના છે. મારું મન તમારા મંગલમય ગુણોનું સ્મરણ કરતું રહો, મારી વાણી આપના ગુણોનું જ ગાન કરો અને શરીર તમારી સેવામાં જ સંલગ્ન રહો. આપને છોડીને હે પ્રભુ! સ્વર્ગ, બ્રહ્મલોક, ભૂમંડળનું સામ્રાજ્ય રસાતળનું આધિપત્ય કે યોગની સિદ્ધિ અરે જન્મમરણના તમારા માં જ આવી ગયું! ફેરામાંથી મુક્તિની પણ મને ઈચ્છા નથી. મારે તો બધું રીતે પાંખો અણીઓ ની રાહ જુએ, અને વિયોગીની પત્ની પોતાના પ્રતિ મળવા પાંખો આવી ન હોય એવા પક્ષીઓનાં બચ્ચાં જેમ માતાની રાહ જુએ છે તેવી રીતે હે કમલનયન! મારું મન આપનાં દર્શન કરવા માટે તરફડિયાં મારી રહ્યું કે પ્રભો! હું મુક્તિ ઈચ્છતો નથી.મારા કર્મો નાં ફળ સ્વરૂપ મારે વારંવાર જન્મ મૃત્યુના ચક્કરમાં ભટકાવું પડે તેની મને પરવા નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે યોનિમાં મારો જન્મ થાય ત્યાંતો ભગવાનના લાડીલા પુણ્ય શ્લોક ભક્તજનોનું મને સખ્ય મળી રહો! ભગવાન, હું ફક્ત એટલું ચાહું છું કે, જે લોકો તમારી માયાથી શરીર, ઘરમાં અને સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ રહ્યા છે. વાછરડાં જેવા તેવાઓની સાથે મારો કોઈપણ પ્રકારનો કોઈ દિવસ સંબંધ ન થાઓ!ભાવ શરણાગતિની કેવી અદ્ભુત પ્રાર્થના છે. જીવ જ્યારે દીન થાય અને પ્રભુને શર્ણ જાય છે ત્યારે પ્રભુ તેને અપનાવે છે. વૃત્રાસુરમાં કેટલું દૈત્ય છે! તે કહે છે,તે ભાગવત સેવા કરવા હું લાયક નથી. હું તો ભગવાનના દાસનો દાસ છું, ને દાસના દાસની સેવા કરીશ. હું તે ભગવાનની સેવા કરનાર વૈષ્ણવોની સેવા કરીશ. (દાસાનુદાસ) વૃત્રાસુર એક-એક ઈન્ડિયન પ્રભુ સમર્પિત કરે છે, ભક્તિરસનું દાન કરે છે.મારી વાણી શ્રીકૃષ્ણકીર્તન કરો, મારા કાન તમારી કથા સાંભળો વગેરે. ભક્તિ વૈરાગ્ય વગર દઢ થતીનથી એટલે વૃત્રાસુરને ભક્તિ કરી ઈન્દ્ર નું રાજ્ય લેવાનીકે મોક્ષનીઅપેક્ષા નથી. વૃત્રાસુર કહે છે, મને સ્વર્ગનું તો શું બ્રહ્મલોકનું રાજ્ય પણ જોઈતું નથી. ભોગ એ ભક્તિમાં બાધક છે. વૃત્રાસુર કહે છે, મને કોઈપણ પ્રકારની ઈચ્છા નથી. તમારી સેવા કરું છું તે ફક્ત તમારા માટે, કોઈ ભોગની કે કુળની આશાએ નહીં જ. આમ અપૂર્વ છે વૃત્રાસુરની શરણા ગતિ. જ્ઞાન-વૈરાગ્ય વધે એટલે સર્વ ભગવાનમય લાગે છે. હવે હુંપણું રહેતું નથી. જગતમાં ભગવાન જ છે. તે સિવાય બીજું કાંઈ નથી. 'હું' રહેતું નથી. હુંપણું ઈશ્વરમાં લીન થાય છે.શરણાગતિ વૈરાગ્ય વિના દઢ થતી નથી. લબાસુર કહે છે કે, પ્રભુ તમારાં દર્શન માટે મને આતુર બનાવો. પરમાત્મા પૂરો પ્રેમ માગે છે. ભગવાનનાં દર્શન માટે કેવી આતુરતા જોઈએ તે વૃત્રાસુર બતાવે છે. પંખીનાં બચ્ચાં જેવી, વાછરડાં કે જેવીને વિરહિણી પત્ની જેવી રોમ રોમથી બોલતી આતુરતા જોઈએ.જીવ પરમાત્મા ને પરિપૂર્ણ!પ્રેમ આપતો નથી. એટલે જીવ ઈશ્વરને ગમતો નથી. જીવપ્રેમ આપે છે સ્ત્રી પુત્રાદિકમાં મને એક જ ઈચ્છા થાય છે. તમારા દર્શન માટે હું આતુર બનું. છેલ્લે વૃત્રાસુરે સત્સંગની માગણી કરી છે. મને જો જન્મ મળવાનો હોય તો વૈષ્ણવના ઘરની ગાય થવા હું તૈયાર છું.મારું દૂધ પ્રભુના માટે વપરાય તે બસ. પશુ શરીરમાં પણ મને સત્સંગમાં ભગવાન મુક્તિ જલદી આપે છે, ભક્તિ જલદી આપતા નથી. ભગવાન ભક્તિ આપે, તો કોઈ વખત એમને ઘરે સેવક બનવું પડે છે ભક્તિ સ્વતંત્ર પરમાત્માને પ્રેમનાં બંધનમાં પરતંત્ર-બનાવે છે.તેથી ભગવાન મુક્તિ આપે છે,પણ ભક્તિ આપતા નથી.પણ ભગવાન કૃપા કરે ત્યારે નાશવંત સંપત્તિ વગેરે આપતા નથી, પણ ભક્તિ આપે છે.ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો.વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલું તેજ ભાગવત સ્વરૂપમાં લીન થયું. ભગવાને વૃત્રાસુરનો ઉદ્ધાર કર્યો. પરમ પુષ્ટિસીમાનું આ દૃષ્ટાંત છે. હવે પ્રશ્ન થાય છે કે, આવો ભક્ત વૃત્રાસુર રાક્ષસ યોનિમાં કેમ જન્મ્યો ? વૃ ત્રાસુરને શ્રીહરિમાં આટલી તીવ્ર ભક્તિ શાથી થઈ? એનો ખુલાસો કરતાં શુકદેવજી કહે છે,વૃત્રાસુર પૂર્વ જન્મમાં ચિત્ર કેતુ નામનો રાજા હતો.તેની રાણીનું નામ કૃતવૃતિ. તેને સંતાન ન હતું. અહીં શબ્દાર્થ નહીં,લક્ષ્યાર્થ લેવાનો છે.ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરે તે ચિત્રકેતુ. આપ ણું મન ચિત્ર વિચિત્ર કલ્પનાઓ કરે છે.કૃતવૃતિ એ બુદ્ધિ છે.અનેક વિષયોનો મન વિચાર કરે છે,એમાં ચિત્ર કેતુનો જન્મ થાય છે. જગતમાં બહારનાં ચિત્રો જે મન માં ઠસી ગયાં છે તે ભજનમાં વિઘ્ન કરે છે. ફરતાં ફરતાં અંગિરાઋષિ એક દિવસ રાજાના ઘરે પધાર્યા. ચિત્રકેતુ રાજાએ અંગિરાઋષિ પાસે પુત્રની માગણી કરી. અંગિરા ઋષિ સમજાવે છે,પુત્રના માબાપ ને ક્યાં શાંતિ છે? તારે ત્યાં છોકરો નથી એ જ સારું છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન કર્યું જે ગમ્યું હશે તેવી આશા સહ અસ્તુ.

# ભૂલભૂલૈયા ૩ની તારીખ નહીં બદલાય સિંઘમ અગેઇન સાથે ટક્કર થશે



'ભૂલભૂલૈયા ૩' અને 'સિંઘમ અગેઈન' આ બંને ફિલ્મો એવી છે, જેની આ બંને ફ્રેન્ચાઈઝીના ફૅન્સ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ત્યારે ફૅન્સ માટે એક ખુશીના સમાચાર છે કે 'સિંઘમ અગેઈન' સાથે બોક્સ ઓફિસ પર ક્લેશ થતો હોવા છતાં'ભૂલભૂલૈયા ૩'એની નિર્ધારીત તારીખે જ રિલીઝ થશે. ફિલ્મના ડિરેક્ટર અનીસ બાઝમીએ આફિશિયલી કન્ફર્મ કર્યુ છે કે તેઓ ફિલ્મ રિલીઝ પોસ્ટપોન નહીં કરે અને ગમે તેવી હરિફાઈ હોય તો પણ દિવાળી વખતે જ રિલીઝ થશે. અનીસ બાઝમીએ કહ્યું હતું કે આ સમયે લોકોને હસવાની જરૂર છે અને મારા જન્મ દિવસે જ અમારી કોમેડી અને હ્યુમરથી ભરપૂર ફિલ્મ રિલીઝ થશે અને લકોને પણ ખુશી મળશે, મને આશા છે કે અમે લોકોને એટલું આપી શકીએ. આ ફિલ્મમાં મ્યુઝિક, ગીતો, ડાન્સ, લાફ્ટર બધું જ લાર્જર ધેન લાઈફ છે. આ કામ અઘરું, તેના માટે અમે બહુ મહેનત કરી છે. તેની સ્પેશિયલ ઈફેક્ટ પણ જોવા જેવી હશે, સાથે તેમાં તૃપ્તિ ડિમરી, માધુરી દિક્ષિત અને વિદ્યા બાલન એમ ત્રણ સુપર એક્ટ્રેસ છે. તાજેતરમાં જ કાર્તિક આર્યનનું રૂહ બાબા અને વિદ્યા બાલનનો બ્લેક સાડીમાં ફોટો શૂટ પણ વાયરલ થયેલું, જેને લોકોએ 'સ્રીનો તોડ' ગણાવ્યો હતો. 'સિંઘમ'ની વાત કરવામાં આવે તો અજય દેવગને પણ દિવાળી રિલીઝની જાહેરાત કરી હતી. પહેલાં આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થવાની હતી અને તેની ટક્કર 'પુષ્પા ૨' સાથે હતી. પણ તાજેતરમાં જ રોહિત શેટ્ટીએ પણ એક્સ પર તેની ફિલ્મમાં નવા કેમિઓ અંગે જાહેરાત કરી હતી, તેથી તે પણ ફિલ્મ પોસ્ટપોન કરવાના મૂડમાં નથી.

### ફિલ્મની ટીમે છત્રપતિની તલવારની રેપ્લિકા બનાવી

# વિકી કૌશલનો છત્રપતિ સંભાજી લૂક તૈયાર કરવામાં એક વર્ષ થયું

## નાનામાં નાની બારીકી અને માહિતી અંગે સંશોધન કરવામાં આવ્યું હતું

વિકી કૌશલની આવનારી ફિલ્મ 'છાવા' છત્રપતિ સંભાજી મહારાજની બાયોપિક છે, જેમાં વિકી કૌશલ મોટા પડદા પર સંભાજી મહારાજના પાત્રને જીવંત કરશે. આ ફિલ્મ બનાવવા માટે તેની ટીમ દ્વારા નાનામાં નાની બારીકી અને માહિતી અંગે સંશોધન કરવામાં આવ્યું હતું. આ ફિલ્મના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકર પાત્રને બને તેટલું વધુ આધારભૂત રીતે દર્શાવવામાં માને છે. તેના માટે તેમણે એક વર્ષ સુધી અભ્યાસ અને સંશોધન કર્યુ છે, જેથી તે વધુ સારી રીતે ૧૭મી સદીનું મરાઠા સામ્રાજ્ય ખડું કરી શકે. કેટલાંક અહેવાલો મુજબ, આ ફિલ્મ માટેના અભ્યાસ માટે ટીમ મહારાષ્ટ્રના ઐતિહાસિક શહેરો અને ગામડાઓમાં પણ ફરી હતી. ડિરેક્ટર ઉટેકર અને ફિલ્મના કોસ્ચ્યુમ ડિઝાઈનર શીતલ શર્મા ઔરંગાબાદ, રત્નાગિરી, પૂણે, નાસિક, પૈઠણ જેવા શહેરોમાં રૂબરુ ગયા હતા. તેથી તેઓ આ વિસ્તારોના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સૌંદર્યને આબેહુબ ઉતારી શકે. તેમણે આ અંગે કેટલાંક અભ્યાસપત્રો અને શોધનિબંધો પણ વાંચ્યાં હતાં. તેમની સાથે સંકળાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર, "કેટલાંક ફિલ્મ મેકર્સને સફેદ અને આછા રંગોની દુનિયા બનાવવી ગમે છે, જે તેઓ જે સમયનું વિશ્વ દર્શાવવા માગે છે, તેનું પ્રતિનિધિત્વ કરી શકતાં નથી. પરંતુ લક્ષ્મણ તેની વાર્તા બને તેટલી વધુ આધારભૂત રીતે કહેવા માગે છે. જ્યારે તેમની રીસર્ચ ટીમ મરાઠા રાજ્યના ગામોમાં ફરી ત્યારે તેમને સમજણ પડી કે ભારતીય ઈતિહાસમાં આછા રંગો અસ્તિત્વમાં જ નહોતાં, તેઓ તો ઘેરા રંગોની જાહોજલાલીમાં માનતા હતા. લક્ષ્મણ અને શીતલે આ શહેરોના કિલ્લાઓ અને મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. જેનાથી તેમને એ સમયના કપડાં પહેરવાની શૈલી અને રંગો વિશે માહિતિ મળી, તેઓ કેટલાંક ઈતિહાસવિદ્દોને પણ મળ્યા."



આ ફિલ્મમાં સંભાજીની પત્ની યેસુબાઈનો રોલ કરતી રશ્મિકા મંદાના સુંદર પૈઠણી સાડીઓ પહેરે છે, જે સ્થાનિક કારીગરો પાસેથી મંગાવવામાં આવી છે. આ ટીમે સાડીઓને ૫૦૦ વર્ષ જૂની બોર્ડરથી સજાવી છે, જેથી તેના કોસ્ચ્યુમ બને તેટલાં વધારે વાસ્તવિક લાગે. સૂત્રના જણાવ્યા અનુસાર,"રશ્મિકાના લૂક માટે ટીમ નારાયણપેઠ અને પૈઠણ ગઈ હતી, ત્યાંથી તેની સાડીઓ લાવવામાં આવી છે. આમ તો એ વખતે જે કાપડ ઉપયોગમાં આવતું એ હાલ ઉપલબ્ધ પણ નથી, તેથી તેમણે મ્યુઝીયમમાં રહેલાં કપડાંની તસવીરો લઈને આબેહુબ એવા જ કપડાં તૈયાર કરાવ્યા છે. કેટલીક ૫૦૦ વર્ષ જૂની બોર્ડર ધરાવતી સાડીઓ ખરીદીને તેને રીસ્ટોર કરવામાં આવી છે. આવી જ ચંદ્રકલા ડિઝાઈનની પૈઠણી સાડીઓ રશ્મિકાએ પહેરેલી જોવા મળશે."

# કોરોના મહામારીએ છીનવી લીધો સ્પોર્ટ્સ ફિલ્મોનો રોમાંચ



રમતગમત લોકોમાં ઉત્સાહથી ભરે છે અને તેમને પ્રેરણા પણ આપે છે. તે ઘણા કારણોસર લોકોમાં ખુશી ફેલાવવામાં પણ ઉપયોગી છે. આવા ઘણા પ્રસંગો આવ્યા જેના કારણે લોકો રમતગમતને તહેવારની જેમ ઉજવતા હતા અને આ જ વસ્તુ ફિલ્મોમાં પણ કામ કરતી હતી. છેલ્લા કેટલાક સમયથી બોલિવૂડમાં સ્પોર્ટ્સ ડ્રામા પર આધારિત ફિલ્મો બની રહી છે. તેમાં કેટલાક લોકોની સાચી અને કેટલીક કાલ્પનિક વાર્તાઓ છે. એક સમય હતો જ્યારે આવી ફિલ્મો મોટા પડદા પર ધૂમ મચાવતી હતી. 'ચક દે ઈન્ડિયા', 'ભાગ મિલ્ખા ભાગ', 'એમએસ ધોની - ધ અનટોલ્ડ સ્ટોરી' જેવી ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરી હતી. જ્યારે ઘણી ફિલ્મો સુપરહિટ રહી હતી, તો કેટલીક ફ્લેટ પણ પડી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મો ચાલી રહી નથી. પ્રોડ્યુસર્સ આવી ફિલ્મો પર ઘણા પૈસા ખર્ચે છે પરંતુ દર્શકોના રિજેક્ટને કારણે ફિલ્મ ચાલતી નથી. આ વર્ષે રિલીઝ થયેલી ઘણી મોટા બજેટની ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી, જેમાંથી બે ફિલ્મ 'મેદાન' અને 'ચંદુ ચેમ્પિયન'નો સમાવેશ થાય છે. બોલિવૂડમાં સ્પોર્ટ્સ પર ઘણી ફિલ્મો રિલીઝ થઈ છે. ઘણી બોક્સ ઓફિસ પર સુપરહિટ બની અને કેટલીક ફ્લોપ પણ રહી. પરંતુ કોરોના મહામારી બાદથી બોલિવૂડમાં રિલીઝ થયેલી લગભગ તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ છે. ફિલ્મોનું કલેક્શન એટલું ખરાબ હતું કે નિર્માતાઓએ તેની ભારે કિંમત ચૂકવવી પડી હતી. દિગ્દર્શક ફિલ્મમાં સારી કાસ્ટિંગ કરે છે.

# કંગના રનૌતની 'ઈમર્જન્સી' ફિલ્મને મળ્યું સેન્સર સર્ટિફિકેટ

## સેન્સર બોર્ડે 'ઇમર્જન્સી'ના ફિલ્મ મેકર્સને કેટલાક સીન કાપવા કહ્યું છે, તેણે ડિસ્ક્લેમર આપવાનો પણ ઉલ્લેખ કર્યો છે

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' ટૂંક સમયમાં જ સ્ક્રીન પર રિલીઝ થશે. સેન્સર બોર્ડે અભિનેત્રીની ફિલ્મને પ્રમાણપત્ર આપી દીધું છે. પરંતુ તેણે એક શરત મૂકી છે. સેન્સર બોર્ડનું કહેવું છે કે ફિલ્મમાંથી કેટલાક દ્રશ્યો કાપવા પડશે. સાથે જ ડિસ્ક્લેમર પણ આપવું પડશે, આ પછી ફિલ્મ રિલીઝ થઈ શકે છે. સૂત્રોને ટાંકીને જાણવા મળ્યું છે કે સેન્સર બોર્ડે 'ઇમર્જન્સી'ના ફિલ્મ મેકર્સને કેટલાક સીન કાપવા કહ્યું છે. તેણે ડિસ્ક્લેમર આપવાનો પણ ઉલ્લેખ કર્યો છે. ફિલ્મમાં જે પણ ઐતિહાસિક ઘટનાઓ બતાવવામાં આવી છે તેના પર ડિસ્ક્લેમર મૂકવા માટે કહેવામાં આવ્યું છે. 'ઈમરજન્સી'ને UA સર્ટિફિકેટ મળ્યું છે. પરંતુ આ ત્યારે જ ઉપલબ્ધ થશે જ્યારે ફિલ્મ મેકર્સ સીનને કાપીને ડિસ્ક્લેમર આપશે. જોકે, હજુ સુધી ફિલ્મની રિલીઝને લઈને કોઈ અપડેટ નથી. આ ફિલ્મ થિયેટરોમાં ક્યારે આવશે તે જણાવવામાં આવ્યું નથી. માત્ર સર્ટિફિકેટ મળ્યું છે, જેની ફિલ્મ મેકર્સ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે અગાઉ 'ઈમરજન્સી' ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી. જ્યારે કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ને સેન્સર બોર્ડ તરફથી સર્ટિફિકેટ ન મળ્યું ત્યારે મેકર્સે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો. કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને ૧૮ સપ્ટેમ્બર સુધીમાં 'ઇમર્જન્સી' સર્ટિફિકેટ પર નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. આ પછી કોર્ટ આ અરજી પર ૧૯ સપ્ટેમ્બરે સુનાવણી કરશે. સેન્સર બોર્ડે નિર્ણય લીધો છે અને ફિલ્મને UA સર્ટિફિકેટ પણ આપી દીધું છે. પરંતુ ૧૯ સપ્ટેમ્બરે અરજીની સુનાવણી થશે તે નિશ્ચિત છે. તમને જણાવી દઈએ કે મેકર્સે કોર્ટમાં તેમની અરજીમાં કહ્યું હતું કે-૮ ઓગસ્ટના રોજ CBFCએ 'ઈમરજન્સી'ના નિર્માતા (ઝી સ્ટુડિયો) અને કો-પ્રોડ્યુસર (મણિકર્ણિકા ફિલ્મ્સ)ને ફિલ્મમાં ફેરફાર કરવા કહ્યું હતું. આ ફેરફારો બાદ ફિલ્મને સર્ટિફિકેટ આપવાનું હતું. ૧૪ ઓગસ્ટના રોજ, નિર્માતાઓએ CBFC તરફથી મળેલી સૂચનાઓ અનુસાર કટ અને ફેરફારો સાથે ફિલ્મ સબમિટ કરી. "આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, ૨૯ ઓગસ્ટના રોજ, નિર્માતાઓને CBFC તરફથી એક ઈમેઈલ મળ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ફિલ્મની સીડી સીલ કરવામાં આવી છે (અંતિમ) અને નિર્માતાઓને સેન્સર પ્રમાણપત્ર એકત્રિત કરવા વિનંતી કરવામાં આવી હતી. આ પછી, નિર્માતાઓએ મોકલવામાં આવ્યો હતો અને એક ઈમેલ મળ્યો હતો કે પ્રમાણપત્ર સફળતાપૂર્વક જારી કરવામાં આવ્યું છે અને ઈમેલમાં પ્રમાણપત્ર નંબર પણ હતો જા કે, જ્યારે નિર્માતાઓ વાસ્તવિક પ્રમાણપત્ર લેવા ગયા ત્યારે તેમને ના પાડી દેવામાં આવી હતી. નિર્માતાઓએ કોર્ટને કહ્યું હતું કે તેઓ માને છે કે આ એટલા માટે કરવામાં આવ્યું હતું કારણ કે શીખ સમુદાયના કેટલાક સંગઠનોને 'ઈમરજન્સી'નું ટ્રેલર વાંધાજનક લાગ્યું હતું અને તેઓ ફિલ્મની રિલીઝનો વિરોધ કરી રહ્યા હતા.



### ઈન્દિરા ગાંધીના જીવન આધારિત ફિલ્મોએ હંમેશા 'કટોકટી' વેઠી છે

દેશના પ્રથમ મહિલા વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીનું રાજકીય અને અંગત જીવન હંમેશા ઉત્સુકતાનું કારણ રહ્યું છે. મજબૂત નિર્ણયો લેનારાં વડાપ્રધાન હોવાની સાથે ઈન્દિરા ગાંધીને કટોકટી લાદવા માટે પણ યાદ કરવામાં આવે છે. તેમના જીવન આધારિત ફિલ્મો ઓડિયન્સને વર્ષોથી ગમતી રહી છે, પરંતુ બહુ ઓછા લોકોએ ફિલ્મ બનાવવાની હિંમત કરી છે. કારણ કે, ઈન્દિરા ગાંધીના જીવન આધારિત બનતી ફિલ્મો પર સેન્સર બોર્ડ હંમેશા કરડી નજર રાખે છે. તેના ડાયલોગ્સ, દૃશ્યો પર કાતર ફેરવ્યા પછી જ સેન્સર બોર્ડમાંથી મંજૂરી મળે છે.

કંગના રણોતની ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ પહેલાં જ રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. આ વિષય પર બનેલી ફિલ્મો માટે અગાઉ પણ માર્ગ ઘણો કપરો રહ્યો હતો. કંગનાની 'ઈમરજન્સી'નો વિરોધ કેટલાક શીખ સંગઠનો કરી રહ્યા છે. તેમની રજૂઆતના પગલે બોમ્બે હાઈકોર્ટે ૧૮ સપ્ટેમ્બર સુધી આ મામલે યોગ્ય પગલાં લેવા સેન્સર બોર્ડને નિર્દેશ આપ્યા છે. આ ફિલ્મ અગાઉ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ કંગનાએ ભારે હૈયે તેને પોસ્ટપોન કરવાનો નિર્ણય લીધો હતો. જાણીતા ડાયરેક્ટર મધુર ભાંડારકરે કૃતિ કુલ્હરી સાથે કટોકટી કાળ આધારિત ફિલ્મ 'ઈન્દુ સરકાર' બનાવી હતી. કૃતિ કુલ્હરીની 'ઈન્દુ સરકાર', શબાનાની 'કિસ્સા કુર્સી કા', સંજીવ કુમારની 'આંધી'ની રિલીઝમાં પણ મુશ્કેલીઓ પડી હતી.

કોંગ્રેસ દ્વારા આ ફિલ્મનો ઉગ્ર વિરોધ થયો હતો. ફિલ્મમાં ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીને ખરાબ રીતે રજૂ કરાયા હોવાનો દાવો થયો હતો. વિરોધની વચ્ચે પણ આ ફિલ્મ ૨૦૧૭માં નિયત તારીખે જ રિલીઝ થઈ હતી.

શબાના આઝમી, રાજ બબ્બર અને સુરેખા સિકરીને લીડ રોલમાં રજૂ કરતી 'કિસ્સા કુર્સી કા'ને તત્કાલીન સાંસદ અમૃત નાહટાએ ડાયરેક્ટ કરી હતી. આ ફિલ્મને એપ્રિલ ૧૯૭૫માં સેન્સર બોર્ડ સમક્ષ રજૂ કરાઈ હતી. ફિલ્મને મંજૂરી આપવાના બદલે તેની પ્રિન્ટ્સ જપ્ત કરીને સળગાવી દેવાઈ હતી. લાંબા વિલંબ બાદ આખરે ૧૯૭૮માં આ ફિલ્મને રિલીઝ કરાઈ હતી. ગુલઝારના ડાયરેક્શનમાં બનેલી 'આંધી'ની ગણતરી કલ્ટ ફિલ્મોમાં થાય છે. સંજીવ કુમાર અને સુચિત્રા સેનનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મમાં તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી અને તેમનાં પતિના સંબંધોને રજૂ કરાયા હોવાનું કહેવાય છે. ભારે વિવાદની વચ્ચે ૧૯૭૫માં આ ફિલ્મની રિલીઝ અટકાવી દેવાઈ હતી. કટોકટી કાળ બાદની ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીનો પરાજય થયો અને ૧૯૭૭માં રિલીઝને મંજૂરી મળી હતી.

### બધે પીડા થાય છે, પણ સ્માઈલ જવું જોઈએ નહીં: હિના

# અસહ્ય દુ:ખાવાના કારણે હિના ખાન સરખી રીતે જમી પણ શકતી નથી

## સ્ટેજ 3 બ્રેસ્ટ કેન્સર હોવાનું નિદાન અને હાલ તે સઘન સારવાર હેઠળ



હિના ખાનને સ્ટેજ ૩ બ્રેસ્ટ કેન્સર હોવાનું નિદાન થયું છે અને હાલ તે સઘન સારવાર હેઠળ છે. હિના ખાન સોશિયલ મીડિયા પર પોતાની કેન્સર સામેની લડતની અપડેટ શેર કરતી રહે છે. હિનાએ પોતાની પોસ્ટમાં જણાવ્યુ હતું કે, સરખી રીતે જમી શકતી પણ નથી. ઘણી બધી સમસ્યાઓ છે, પરંતુ નેગેટિવ થવા માટેનું તે કારણ નથી. મેં સતત હસતા રહીને જાતને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લીધો છે. હું મારી જાતને કહેતી રહું છું કે, આ બધું પૂરું થશે અને આમાંથી સલામત રીતે બહાર આવીશ. હિનાએ ગત સપ્તાહે માતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. કેક અને કેન્ડલ મૂકી ટેબલને શણગારવામાં આવ્યું હતું. હિના અને તેની માતાએ એકબીજાને સ્વસ્થ રહેવા શુભેચ્છા આપી હતી.




પાછલા મહિને હિનાએ લાંબા સમય બાદ જાહેરમાં દેખા દીધી હતી અને ચોકલેટ્સ ખરીદી હતી. હિનાએ પોતાના આ એન્જોયમેન્ટના ફોટોગ્રાફસ પણ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા. હિનાએ પહેલી વખત કીમોથેરાપી લીધી ત્યારે પણ વીડિયો શેર કર્યો હતો. વીડિયોની શરૂઆતમાં હિનાએ પોતાનો રેડ કાર્પેટ પર એવોર્ડ સ્વીકારતો ફોટોગ્રાફ મૂક્યો હતો. બાદમાં કીમોથેરાપી સેશનનો ફોટોગ્રાફ હતો. તમામ ગ્લેમર જતું રહ્યું હોવાનું હિનાએ કેપ્શનમાં જણાવ્યુ હતું. ટીવી સિરિયલ યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાં અક્ષરાના રોલથી હિનાને લોકપ્રિયતા મળી હતી. તેણે ખતરોં કે ખિલાડી અને બિગ બોસમાં પણ ભાગ લીધો હતો. કસૌટી જિંદગી કી, નાગિન ૫ જેવી સિરિયલ અને હેક્ડ, સ્માર્ટફોન જેવી ફિલ્મોમાં પણ તેણે કામ કર્યુ છે. વેબ સિરીઝમાં તેને ડેમેજ્ડ ૨ માટે ઓળખવામાં આવે છે. બ્રેસ્ટ કેન્સરમાંથી સાજા થયા બાદ હિના ફરી એક્ટિંગ કરવા માગે છે. પોતાનો આત્મવિશ્વાસ ટકાવી રાખવા માટે સોશિયલ મીડિયાથી લાખો લોકો સાથે કનેક્ટ રહેવાની સાથે હિના ખાન અન્યોને પણ પ્રોત્સાહન આપી રહી છે.

# અડતાલીસ વર્ષના પ્રખ્યાત અભિનેતા વિકાસનું નિંદ્રામાં જ થયુ અવસાન

## 'કસૌટી ઝિંદગી કી' અને 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી' ફેમ એક્ટર વિકાસ સેઠી આર્થિક તંગીથી ખૂબ પરેશાન હતા

'કસૌટી ઝિંદગી કી' અને 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી' ફેમ એક્ટર વિકાસ સેઠી વિશે ખરાબ સમાચાર સામે આવ્યા છે. અભિનેતાએ ૪૮ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. તે ઊંઘમાં મૃત્યુ પામ્યો. તે આર્થિક સંકડામણથી પરેશાન હતો. રવિવારનો દિવસ ટેલિવિઝન ચાહકો માટે ખૂબ જ દુ:ખદ દિવસ હતો. પ્રખ્યાત અભિનેતા વિકાસ સેઠીના નિધનના સમાચારે બધાને ચોંકાવી દીધા છે. વિકાસ સૂતો હતો. સવારે જ્યારે તે ન જાગ્યો ત્યારે તેની પત્ની તેને તાકીદે હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. સૂત્રોના જણાવ્યા અનુસાર વિકાસ છેલ્લા કેટલાક સમયથી આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો હતો. લાંબા સમયથી તેને કોઈ કામ મળતું ન હતું. તે ઈન્ડસ્ટ્રીના ઘણા મિત્રોના સંપર્કમાં પણ ન હતો. ટેલિવિઝન શો ઉપરાંત, વિકાસે કરણ જોહરની ફિલ્મ 'કભી ખુશી કભી ગમ'માં પણ રોબીની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં પણ તેને ઘણો પસંદ કરવામાં આવ્યો હતો. વિકાસ સેઠી ૯૦ના દાયકાના પ્રખ્યાત અભિનેતાઓમાંના એક હતા. તેણે કહીં તો હોગા, સસુરાલ સિમર કા, ગુસ્તાક દિલ અને ઉત્તરન જેવા ઘણા લોકપ્રિય શોમાં કામ કર્યુ હતું. જ્યારે પણ તે કોઈપણ શોમાં દેખાયો. પોતાના કિલર લુક અને જોરદાર એક્ટિંગથી દિલ જીતી લીધા. તેણે ૨૦૧૮માં જહાન્વી સેઠી સાથે લગ્ન કર્યા હતા. જહાન્વી સાથે લગ્ન કર્યા બાદ વિકાસ જોડિયા પુત્રોનો પિતા બન્યો હતો. તે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ હતો. તે તેની પત્ની અને બાળકો સાથે પણ ઘણી પોસ્ટ શેર કરતો હતો. જોકે, તેણે છેલ્લા ચાર મહિનાથી ઈન્સ્ટાગ્રામ પર કોઈ પોસ્ટ શેર કરી ન હતી. તેણે છેલ્લે ૧૨ મેના રોજ ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આર્થિક તંગીના કારણે તેમનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતું. પરંતુ હજુ સુધી તેમના મૃત્યુ અંગે પરિવાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. વિકાસ તેના પરિવારની ખૂબ નજીક હતો. તે પોતાના બાળકોને એટલો પ્રેમ કરતો હતો કે તેણે પોતાના હાથ પર જોડિયા બાળકોના નામ પણ છૂંદણા કરાવ્યા હતા. વિકાસ સેઠીના નિધનથી ચાહકોનું દિલ તૂટી ગયું છે. સોશિયલ મીડિયા પર તેમના નિધન પર દરેક લોકો શોક વ્યક્ત કરી રહ્યા છે.



ગૌરવ અને સન્માનની સફર

# રેલવે પ્રોટેક્શન ફોર્સના મહાનિર્દેશક લદ્દાખના હોટ સ્પ્રિંગસમાં પોલીસ શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું



। અમદાવાદ, તા.૯ ।

રેલવે પ્રોટેક્શન ફોર્સના મહાનિર્દેશક શ્રી મનોજ યાદવની આગેવાની હેઠળ વિવિધ રાજ્ય પોલીસ અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPFs)નું પ્રતિનિધિત્વ કરતા પોલીસ અધિકારીઓનું ૨૮ સભ્યોનું પ્રતિનિધિમંડળ લદ્દાખના હોટ સ્પ્રિંગ્સ મેમોરિયલ ખાતે એકત્ર થયું, જ્યારે તેલંગાણા પોલીસના ડીઆઈજી શ્રી એન. પ્રકાશ રેડ્ડી જૂથના ઉપનેતા હતા. એસપી શ્રી મયુર પાટીલે પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ગુજરાત પોલીસનું પ્રતિનિધિત્વ કર્યું હતું તેમણે સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એકતાના પ્રદર્શનમાં, ITBP, ITBF અને ભારતીય સૈન્યના બહાદુર અધિકારીઓ અને જવાનો પણ શહીદોને સલામ કરવા માટે પોલીસ ટુકડીમાં જોડાયા હતા.જે અત્યંત પડકારજનક પરિસ્થિતિઓ વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા પર તકેદારી જાળવી રાખી છે

સમુદ્ર સપાટીથી ૧૫,૪૦૦ ફૂટની ઉંચાઈ પર વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) ની નજીકના કઠોર અને દુર્ગમ ભૂપ્રદેશમાં સ્થિત, આ સ્થળ રાષ્ટ્રની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા .પૂર્વી લદ્દાખના કઠોર અને નિર્જન પ્રદેશમાં સ્થિત, આ સ્મારક ભારતીય પોલીસ દળો માટે એક પવિત્ર સ્થળ છે, જ્યાં દર વર્ષે આ બહાદુર અધિકારીઓની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. ૧૯૬૦ માં સ્મારક તરી-કે શરૂ થયેલ આ સમારંભ, દેશભરમાં સેવા આપતા અને નિવૃત્ત પોલીસ અધિકારીઓ માટે અત્યંત આદરણીય પરંપરા છે. આ વર્ષની મુલાકાત એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે કારણ કે શ્રી મનોજ યાદવ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનાર



રેલવે પ્રોટેક્શન ફોર્સના પ્રથમ મહાનિર્દેશક બન્યા હતા. વિવિધ દળોના પોલીસ અધિકારીઓની ટીમ સાથે તેમની ભાગીદારી ભારતના વિવિધ પોલીસ દળો વચ્ચે વહેંચાયેલ એકતા, શક્તિ અને સહાનુભૂતિને મજબૂત બનાવે છે. રેલવે પ્રોટેક્શન ફોર્સના ૧૦૧૧ બહાદુર જવાનોને યાત્રાને સમર્પિત કરતા, જેમણે ૧૯૫૮ માં દળની શરૂઆતથી ફરજની લાઈનમાં પોતાના જીવનનું બલિદાન આપ્યું છે, આરપીએફના મહાનિર્દેશકે ૧૯૫૯ ના બહાદુરો દ્વારા દર્શાવવામાં આવેલી ફરજ, બહાદુરી અને બલિદાનની ભાવનાની પ્રશંસા કરી હતી. પીડબ્લ્યુડી પ્રત્યે આરપીએફની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો, જેની યાદો હંમેશા પોલીસ ઈતિહાસના પૃષ્ઠોમાં કોતરવામાં આવશે.

શ્રી મનોજ યાદવની મુલાકાત અને આ પવિત્ર પ્રસંગમાં તેમની સહભાગિતા કાયદા અમલીકરણ સમુદાયના તમામ સભ્યો માટે પ્રેરણા સ્ત્રોત છે. તે પોલીસ અધિકારીઓ દ્વારા રાષ્ટ્રની સેવામાં આપેલા બલિદાનની કરુણ સ્મૃતિ તરીકે સેવા આપે છે અને ફરજ, બહાદુરી અને પ્રતિબદ્ધતાની સ્થાયી ભાવનાને મજબૂત બનાવે છે જે ભારતીય પોલીસ ભાઈચારાને વ્યાખ્યાયિત કરે છે.

## ૧૩ સપ્ટેમ્બર સુધી સાબરમતી-ખોડિયાર વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૨૪૦ (ત્રાગઢ ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર સાબરમતી-ખોડિયાર સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૨૪૦ કિમી ૭૭૩/૪-૬ (ત્રાગઢ રોડ ફાટક) અતિ આવશ્યક સમારકામ માટે ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન માર્ગ વપરાશકર્તાઓ રેલ્વે ક્રોસિંગ નંબર ૨૪૧ અંડરપાસ વાયા ગોદરેજ ગાર્ડન સિટી અને એસ. જી. હાઈવે દ્વારા મુસાફરી કરી શકાય છે.

## આણંદ-ગોધરા સેક્શનમાં ડબલીંગના કાર્યને કારણે વેરાવળ-ઇન્દોર અને ઇન્દોર-ગાંધીધામ એક્સપ્રેસ આંશિક રીતે પરિવર્તિત માર્ગથી ચાલશે

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલીંગના કાર્ય માટે લેવામાં આવેલ બ્લોકને કારણે વેરાવળ-ઈંદોર મહામના એક્સપ્રેસ અને ઈન્દોર-ગાંધીધામ એક્સપ્રેસ આંશિક રીતે પરિવર્તિત માર્ગ થી ચાલશે. જેની વિગતો નીચે મુજબ છે:-

● ૧૧, ૧૮ અને ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ (બુધવાર)ના રોજ વેરાવળથી ચાલતી ટ્રેન નંબર ૧૯૩૧૯ વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ગેરતપુર-આણંદ-ડાકોર-ગોધરાને બદલે પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર-આણંદ-બાજવા-છાયાપુરી-ગોધરાને રસ્તે ચાલશે

● ૧૫, ૨૨ અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ (રવિવાર) ના રોજ ઈન્દોર થી ચાલતી ટ્રેન નં. ૨૦૯૩૬ ઈન્દોર-ગાંધીધામ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ગોધરા-ડાકોર-આણંદ-ગેરતપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા ગોધરા-છાયાપુરી-બાજવા-આણંદ-ગેરતપુરને રસ્તે ચાલશે.

ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## ડાંગ જિલ્લાના આહવામાં પોષણ માહની ઉજવણી અંતર્ગત આંગણવાડી બહેનોની રેલી યોજાઈ

। ડાંગ, તા.૯ ।

રાષ્ટ્રની મહિલાઓ અને બાળકો સુપોષિત થાય તે સુનિશ્ચિત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પોષણ માહની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષમાં સપ્ટેમ્બર મહિનામાં સાતમાં ''પોષણ માહ''ની ઉજવણી દેશભરમાં કરવામાં આવી રહી છે. ત્યારે આજ રોજ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈનના અધ્યક્ષ સ્થાને એક રેલી આયોજીત કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાના આહવા તાલુકા કક્ષાની આઈ.સી.ડી.એસ. કચેરી ખાતેથી શરૂ થયેલ આ રેલી આહવાના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. આ રેલીમાં જોડાયેલ આંગણવાડી બહેનોએ સહી પોષણ, દેશ રોશન, સ્વસ્થ માતા, સ્વસ્થ બાળક અને સ્વસ્થ સમાજ બનાવવા અંગે નારા લગાવી લોકોમાં પોષણ અંગેની લોકચેતના જગાવી હતી.

# 'જળ સેવા રથ' થકી સેવા કરતા નવયુવક મંડળ પેથાપુરના સેવાભાવી યુવાનો

### નવયુવક મંડળ પેથાપુર તરફથી દાહોદથી અંબાજી જતા પગદંડી શ્રદ્ધાળુઓને પાણીની બોટલ આપી જલ સેવા કરતા નજરે પડે છે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

માઁ અંબેના પાવન ધરા અંબાજી જતા શ્રદ્ધાળુઓને પીવાના પાણી માટે નવયુવક મંડળ પેથાપુર તરફથી ''જળ સેવા રથ'' થકી પગપાળા જતા શ્રદ્ધાળુઓને પાણીની બોટલ આપી અનોખી સેવા કરતા જોવા મળી રહ્યા છે કોઈક વિસામો થકી કોઈક પગપાળા જતા શ્રદ્ધાળુઓને જલ સેવા રથ દ્વારા સેવા કરતા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ભાદરવા માસમાં દાહોદ જિલ્લાના વિવિધ મંડળો સંઘો દ્વારા પગપાળા અંબાજી જતા હોય છે જેમાં માર્ગમાં શ્રદ્ધાળુઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે વિવિધ મંડળો દ્વારા ભોજન ચા નાસ્તાની સુવિધાઓ જોવા મળી રહેલ છે પગદંડી જતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ના પડે તે રીતે જલ સેવા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

રથ થકી દાહોદ થી અંબાજી માર્ગમાં શ્રદ્ધાળુઓને અનોખી રીતે રસ્તામાં સેવા કરતા નવયુવક મંડળ પેથાપુર યુવાનો નજરે જોઈ શકાય છે માં અંબાના ધામમાં જતા પદયાત્રીઓને ઉત્સાહમાં વધારો કરતા બોલ માડી અંબે... જય જય અંબે... ના નાદ સાથે જલ રથ દ્વારા સેવા કરતા નજરે પડે છે.

# ઝાલોદ આપ પાર્ટી પ્રમુખે ગ્રામ્ય ક્ષેત્રોમા ખેતી તેમજ માલ મિલકત નુકસાન સહિતની જગ્યાએ મુલાકાત લીધી

### વળતર માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાશે તેવી હૈયાધારણા આપી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

છેલ્લા કેટલાક સમયથી અતિ ભારે વરસાદ સમગ્ર દાહોદ જીલ્લા સહિત ઝાલોદ તાલુકામા વરસ્યો હતો જેમા ખેડૂતોની ખેતી સહિત માલ મિલકત તેમજ કાચા ઘરો પડી જવા સહિત ભારે નુકસાની શ્રમિકો તેમજ ખેડુતોને પહોચ્યુ છે. ત્યારે ઝાલોદ આમ આદમી પાર્ટીના ઉમેદવાર તેમજ વિધાનસભા પ્રમુખ અનિલભાઈ ગરાસીયા સહિત કાર્યકરો પ્રમુખ બાબુભાઈ કલારા, કિશન શેલના પ્રમુખ મનસુખભાઈ ડામોર, સંગઠન મંત્રી સંજયભાઈ વાઘેલા પાર્ટીનાં સક્રિય કાર્યકર્તાઓએ વિવિધ ગ્રામ્ય ક્ષેત્રોની મુલાકાત કરી લોકોની રજૂઆતને સાભળી જોઈ અને ઉચ્ચ કક્ષાએ લોકોવતી પોતે રજૂઆત સંલગ્ન વહીવટીતંત્ર સુધી રજૂઆત પહોંચાડવા પ્રયાસો કરીશુ તેવી ખેડુતો તેમજ નુકસાનીનો ભોગ બનનારઓને ખાતરી આપી હતી, ત્યારે હાલ ભારે વરસાદના પગલે ઝાલોદના ગ્રામ્ય ક્ષેત્રોમા ગરીબ ખેડુતોને પાક નુકસાન સહિત ઘર માલ મિલકતને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

# આદિજાતિ સમુદાયની પડખે સરકાર, PMJANMAN કેમ્પ થકી સરકારી સુવિધાઓ નાગરિકોને દ્વાર

### અમદાવાદના બાવળા તાલુકાના દુર્ગી ગામે પ્રધાનમંત્રી જનજાતિ આદિજાતિ ન્યાય મહાઅભિયાન હેઠળ સેચ્યુરેશન કેમ્પ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

'સરકાર નાગરિકોને દ્વાર' વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ વિચારને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર તમામ નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે. આદિજાતિ સમુદાયના સર્વાંગી ઉત્થાન માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા પ્રધાનમંત્રી જનજાતિ આદિજાતિ ન્યાય મહાઅભિયાનને સફળ બનાવવા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર પણ પ્રતિબદ્ધ છે. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દુર્ગી ગામે તા.૦૯/૦૯/૨૦૨૪ના રોજ PMJAN-MAN સેચ્યુરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દુર્ગીના ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓને સંકલિત કરી નોંધણી તથા લાભોના વિતરણની કામગીરી કરવામાં આવી હતી. આ કેમ્પના માધ્યમથી નાગરિકો પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, આધાર કાર્ડ, જાતિનો દાખલો, જનધન બેંક એકાઉન્ટ, આયુષ્માન કાર્ડ, પીએમ કિસાન સન્માન



નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ સહિતની યોજનાનો મેળવે તે માટે માર્ગદર્શન આપી કેટલીક યોજનાઓમાં સ્થળ પર જ નોંધણી અને લાભ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે મામલતદારશ્રી સી.એલ. સુતરિયાના માર્ગદર્શન બાવળા તાલુકાના વિસ્તરણ અધિકારીશ્રી બી.ડી. બાદરપુરિયા, નાયબ મામલતદારશ્રી જયેશભાઈ દેસાઈ, શિયાળ પીએચસીના ડૉ. પ્રવિણભાઈ, આયુર્વેદ અધિકારી ડૉ. અર્ચનાબહેન, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ગામેતીએ જહેમત ઉઠાવી હતી.

નરોડામાં મળી આવેલી નવજાત બાળકીની ઘટનાના ફર્સ્ટ પર્સન

# 'મારે શું ?', ગોવિંદભાઈએ આવું વિચાર્યુ હોત તો એ બાળકી આજે જીવીત ન હોત !

### આસપાસના લોકો વિડીયો ઉતારવામાં મશગુલ હતા-ગોવિંદભાઈ ૧૦૮ને ફોન કરવા મશગુલ બન્યા

।(અહેવાલ–હિમાંશુ ઉપાધ્યાય) અમદાવાદ।

અમદાવાદના નરોડા વિસ્તારમાં ગઈકાલે કચરાના ડસ્ટ બીનમાંથી એક નવજાત બાળકી મળી અને સૌ પ્રથમ બાળકીને જોનાર ગોવિંદભાઈએ ૧૦૮ માં ફોન કર્યો.... ૧૦૮ સત્વરે આવી અને બાળકીને પ્રાથમિક સારવાર આપીને સીવિલ હોસ્પિટલ કેમ્પસમાં ૧૨૦૦ બેડન હોસ્પિટલમાં દાખલ કરાઈ... ૧૦૮ તંત્રએ સેવા ધર્મ નિભાવ્યો જ છે એમાં કોઈ શક નથી પણ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરનાર ગોવિંદભાઈની સંવેદનશીલતાને પણ બિરદાવવી પડે તેમ છે..

આજે ભાગદોડ વાળી જિંદગીમાં મોટા ભાગના લોકો 'મારે શું ?' એવો પ્રશ્ન સ્વયં ને પૂછતા હોય છે અને જાતે જ જવાબ પણ આપતા હોય છે કે મારે શું કામ કોઈની ચિંતા કરવી..? જો લોકો આવો જઅભિગમ અપનાવે તો સમાજમાંથી સેવાનું તત્વ જ ખલાસ થઈ જાય, પણ ગોવિંદભાઈ જેવા સેવાભાવી લોકોએ



'મારે પણ કંઈક કરવું જોઈએ' એવો ભાવ મનમાં દ્રઢ બનાવ્યો છે...

વાત કંઈક આવી છે... ગોવિંદભાઈ એક અત્યંત નિમ્ન મધ્યમ પરિવારનો ૨૧ વર્ષીય યુવાન છે. મુળ તો તે નેપાળના વતની છે પરંતુ છેલ્લા કેટાલાક વર્ષોથી અમદાવાદમાં માતા પિતા સાથે સ્થાયી થયા છે. ગોવિંદભાઈ પોતે અમદાવાદના સાયાન્સ સીટી વિસ્તારમાં ડેન્લ ક્લિનિકમાં આસીસ્ટંટ તરીકે ફરજ બજાવે છે. જ્યારે માતા નરોડા નજીક મેમ્કો વિસ્તારમાં જ આવેલી એક બિસ્કિટ કંપનીમાં હે હેલ્પર તથા પિતા ચોકીદારની ફરજ બજાવે છે. ઘરામાં ત્રણ જ વ્યક્તિઓ છે.

બનાવના દિવસે ગોવિંદભાઈ નોકરી પુરી કરી સીટી બસમાં નરોડા પહોંચ્યા, બસ સ્ટેન્ડ પરના શૌચાલયમાં લઘુશંકા માટે ગયા... ત્યાંજ શૌચાલયની અંદર ચાજલી કે માળીયામાંથી કંઈક અવાજ આવ્યો... પહેલા તો ગોવિંદભાઈએ માની લીધુ કે કદાચ બિલાડીના બચ્ચાનો અવાજ છે, એમ છતા ઉત્સુકતાવશ અવાજની દિશામાં નજર કરી... માળીયામાં દેખાતા ડસ્ટબીનને નીચે ઉતાર્યુ, જોતા જ અવાચક થઈ ગયા... ડસ્ટબીનમાં એક નવજાત બાળકી હતી...

ગોવિંદભાઈ કહે છે કે, 'બાળકીને જોતા જ તેમણે વિચાર્યું કે શું કરું..? પણ મેં જાતે જ જાતને જવાબ આપ્યો કે આ બાળકીને બચાવવા જે કરવું પડે તે કરવું જ જોઈએ... આસપાસના લોકો ક્યાંક કૌતુકસભર વિડીયો ઉતારવામાં વ્યસ્ત હતા તો કેટલાક આ કહેવાતી પળોજણમાં પડવા નહતા માંગતા...પણ મારા મનમાં એક જ વાત રમતી હતી કે કોઈ પણ ભોગે બાળકીનેબચાવવી..અને મેં તરતજ ૧૦૮માં ફોન કર્યો...૫-૭ મિનિટમાં જ એમ્બ્યુલન્સ આવી અને બાળકીને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપીને બાળકીને સીવિલ હોસ્પિટલમાં લઈ ગઈ...' એમ તેઓ ઉમેરે છે.

આગળની વાત તો સ્વયં સિધ્ધ છે... બાળકી હાલ સીવિલ હોસ્પિટલામાં દેખરેખ-સારવાર હેઠળ છે... 'રામ રાખે તેને કોણ ચાખે' આવી કહેવતો કદાચ આવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને જ પડી હશે..

સમાજને શરમાવે તેવી આ ઘટના જરૂર છે પણ આજે ગોવિંદભાઈ જેવા લોકો સેવા ધ્યેય સાથે સંવેદનાનો દિપ પ્રજવલિત રાખી રહ્યા છે...

સલામ છે, આ સેવાના ભેખધારી ગોવિંદભાઈને..

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે. સાહસિક લોકો સાથે ભાગીદારીમાં આગળ વધો. આજે ખાલી સમય કોઈક નકામાં કામ માં બગડી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુકક્ષ રાખવી જોઈએ? તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. તમે જો કોઈ નવું સાહસ શરૂ કરવાનો વિચારી રહ્યા હો-તો ઝડપથી નિર્ણય લો-કેમ કે ગ્રહો તમારી તરફેણમાં છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવાની પુરી શક્યતા છે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપ ાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે.

## ન્યૂઝ બ્રિફ

### ‘મુસલમાનોની હાલત ST-SC જેવી જ છે, પરંતુ સરકારી નોકરીઓ તેમના કરતાં ઓછી છે’

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૯ ।

દિગ્વિજય સિંહે કહ્યું કે ‘આજે પણ માત્ર ૭૪% મુસ્લિમ વસ્તી જ સાક્ષર છે અને મહિલાઓની આ સંખ્યા ૬૦%થી ઓછી છે. તે ST-SC સમાન છે પણ આપણા મુસ્લિમો સરકારી નોકરીઓમાં SC અને ST કરતા ઘણા નીચે છે. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે મુસ્લિમ યુવાનોના શિક્ષણ અને નોકરીઓને લઈને મોટું નિવેદન આપ્યું છે. ભોપાલના રવિન્દ્ર ભવન ખાતે એસોસિએશન ઑફ મુસ્લિમ પ્રોફેશનલ્સના કાર્યક્રમને સંબોધતા દિગ્વિજય સિંહે કહ્યું કે, ‘દેશમાં મુસ્લિમોની સ્થિતિ ST-SC જેવી છે જ્યાં માત્ર ૭૪ ટકા પુરૂષો અને ૬૦ ટકાથી ઓછી મહિલાઓ સાક્ષર છે પરંતુ સરકારી નોકરીઓમાં મુસ્લિમો સાક્ષર છે. SC છે અને ST થી નીચે છે.વાસ્તવમાં, ભોપાલના રવિન્દ્ર ભવન ખાતે એસોસિએશન ઑફ મુસ્લિમ પ્રોફેશનલ્સ સંસ્થા દ્વારા શિક્ષણમાં શ્રેષ્ઠતા માટે ૮મો રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિગ્વિજય સિંહ મુખ્ય અતિથિ હતા. આ દરમિયાન દિગ્વિજય સિંહે કહ્યું કે ‘આજે પણ માત્ર ૭૪% મુસ્લિમ વસ્તી જ સાક્ષર છે અને મહિલાઓની આ સંખ્યા ૬૦%થી ઓછી છે. તે ST-SC સમાન છે પરંતુ આપણા મુસ્લિમો સરકારી નોકરીઓમાં SC અને ST કરતા ઘણા નીચે છે.તમને જણાવી દઈએ કે ૨૦ ઓગસ્ટના રોજ દિગ્વિજય સિંહનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેણે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. બહુ જરૂરી હોય તો જ મને મળવાનું કહ્યું હતું.

### ઈમરાન ખાનને મુક્ત કરવાની માંગને લઈને હોબાળો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ રવિવારે ઈસ્લામાબાદની બહારના વિસ્તારમાં એક રેલીનું આયોજન કર્યું હતું. કાર્યકર્તાઓ તેમના નેતા ઈમરાન ખાનને મુક્ત કરવાની માંગ કરી રહ્યા હતા. પોલીસે ટોળાને વિખેરવા માટે ટીયરગેસનો સહારો લેવો પડ્યો હતો. ગયા ઓગસ્ટથી જેલમાં બંધ ઈમરાનની મુક્તિ માટે સમર્થન મેળવવા માટે પીટીઆઈ રવિવારે ઈસ્લામાબાદમાં એક રેલી કરી રહી હતી. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ઈદ્દત કેસમાં તેની સજા સામેની તેની અપીલ સ્વીકાર્યા બાદ ઈમરાનને જેલમાંથી મુક્ત કરવાની અપેક્ષા હતી. જો કે, થોડા સમય બાદ નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરોએ નવા તોશાખાના કેસમાં તેની ધરપકડ કરી હતી. છેલ્લા બે તોશાખાના કેસમાં તેમની સજા પહેલાથી જ સ્થગિત કરવામાં આવી હતી, જ્યારે ઈસ્લામાબાદ હાઈકોર્ટે એ તેમને સિફર કેસમાં પણ નિર્દોષ જાહેર કર્યા હતા.

#### અમેરિકામાં આઝાદી પર લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું

# ‘ઓછું બોલો અને ઘરે રહો, આવો RSSનો મહિલાઓને લઈને વિચાર છે’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ યુએસએના ડલ્લાસ ખાતે યુનિવર્સિટી ઓફ ટેક્સાસના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. આ દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી અને આરએસએસ પર પણ નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું, “RSS માને છે કે ભારત એક વિચાર છે અને અમે માનીએ છીએ કે ભારત વિચારોની બહુમતી છે. અમે માનીએ છીએ કે દરેકને ભાગ લેવાની છૂટ હોવી જોઈએ, સ્વપ્ન જોવાની છૂટ હોવી જોઈએ. અને તેની જાતિ, ભાષાને ધ્યાનમાં લીધા વિના સ્થાન આપવું જોઈએ. ધર્મ, પરંપરા અથવા ઈતિહાસ.”તેમણે કહ્યું કે ચૂંટણીમાં આ લડાઈ વધુ સ્પષ્ટ થઈ ગઈ, જ્યારે ભારતના કરોડો લોકો સમજી ગયા કે ભારતના વડાપ્રધાન (નરેન્દ્ર મોદી) ભારતના બંધારણ પર હુમલો કરી રહ્યા છે. મેં તમને જે પણ કહ્યું છે તે બધું બંધારણમાં છે. આધુનિક ભારતનો પાયો બંધારણ છે.ભારતીય મહિલાઓ વિશે બોલતા, રાહુલ ગાંધીએ કહ્યું, “હું મહિલા સશક્તિકરણમાં વિશ્વાસ કરું છું, મહિલાઓને વ્યવસાયમાં તકો મળે તે સુનિશ્ચિત કરવું, જો તેઓ પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતી હોય તો તેમને નાણાકીય સહાય પૂરી પાડવી. અને મહિલાઓ માટે સહભાગી થવું સરળ બનાવવું. પ્રથમ પગલું છે. એક પુરુષ શું કરી શકે છે અને તેમની શક્તિઓને ઓળખી શકે છે તે સ્વીકારવું.રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે આ ભાજપ અને અમારી વચ્ચેના વૈચારિક સંઘર્ષનો એક ભાગ છે. ભાજપ અને આરએસએસ માને છે કે મહિલાઓને પરંપરાગત ભૂમિકાઓ સુધી જ સીમિત રાખવો જોઈએ - ઘરમાં રહેવું, રસોઈ કરવી અને ઓછું બોલવું. અમારું માનવું છે કે સ્ત્રીઓને ગમે તે કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.રાહુલ ગાંધીએ કહ્યું, “ચૂંટણીમાં લોકો જે સ્પષ્ટ રીતે સમજી ગયા અને મેં જોયું કે જ્યારે મેં બંધારણનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે લોકો સમજી ગયા કે હું શું કહી રહ્યો છું. તેઓ કહેતા હતા કે ભાજપ અમારી પરંપરા પર હુમલો કરી રહી છે. અમારી ભાષા પર હુમલો કરી રહી છે, આપણા રાજ્યો પર હુમલો કરવો, આપણા ઈતિહાસ પર હુમલો કરવો.”રાહુલે ભારપૂર્વક જણાવ્યું હતું કે સૌથી મહત્વની બાબત એ છે કે તેઓ (જનતા) સમજી ગયા છે કે જે કોઈ ભારતના બંધારણ પર હુમલો કરી રહ્યો છે.

### ‘સરકારે ગુનેગારોને પકડીને સજા કરવી જોઈએ...’



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

રવિવારે સાંજે બડા બજારમાં એક કાર્યક્રમ દરમિયાન જ્યારે મોહન ભાગવતને આરજી કાર હોસ્પિટલની ઘટના અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે તેઓ આ ઘટનાને લઈને સમાજના લોકોની ભાવનાઓનું સન્માન કરે છે. સરકારે ગુનેગારોને શોધીને કડકમાં કડક સજા કરવી જોઈએ. કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં ડોક્ટર સાથે થયેલી અત્યાચાર બાદ દેશભરમાં ગુસ્સો છે. મમતા બેનર્જી સરકાર પર પણ સતત સવાલો ઉઠી રહ્યા છે. હવે આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતે પણ આ મામલે પ્રતિક્રિયા આપી છે. મોહન ભાગવતે કહ્યું કે સરકારે દોષિતોને શોધીને તેમને વહેલી તકે કડક સજા આપવી જોઈએ.RSS ચીફ મોહન ભાગવત બે દિવસની મુલાકાતે કોલકાતામાં છે. દરમિયાન, જ્યારે મોહન ભાગવતને રવિવારે સાંજે બડા બજારમાં એક કાર્યક્રમ દરમિયાન આરજી કાર હોસ્પિટલની ઘટના વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે કહ્યું કે તેઓ આ ઘટનાને લઈને સમાજના લોકોની ભાવનાઓનું સન્માન કરે છે. સરકારે ગુનેગારોને શોધીને કડકમાં કડક સજા કરવી જોઈએ.તમને જણાવી દઈએ કે ૮-૯ ઓગસ્ટની રાત્રે આરજી કાર હોસ્પિટલમાં એક મહિલા ડૉક્ટર દ્વારા નિર્દયતાના સમાચાર સામે આવ્યા હતા. ત્યારબાદ આ કેસમાં એક આરોપી સંજય રોયની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાનો દેશભરના તબીબોએ વિરોધ કર્યો હતો. આ મુદ્દે મમતા સરકાર પણ ઘેરાયેલી જોવા મળી હતી. સીબીઆઈ આ કેસની તપાસ કરી રહી છે. સંદીપ ઘોષ હાલ સીબીઆઈની કસ્ટડીમાં છે. તેમની સામે નાણાકીય ગેરરીતિના કેસ પણ પેન્ડિંગ છે. આ ઘટનાને લઈને બંગાળમાં ઘણા દિવસોથી વિરોધ થઈ રહ્યો છે. આ ઘટનાના વિરોધમાં ટીએમસીના ઘણા નેતાઓએ રસ્તા પર પ્રદર્શન પણ કર્યુ હતું. બંગાળના રાજ્યપાલ પણ આ મુદ્દે મમતા સરકારને ઘેરી રહ્યા છે. તે જ સમયે, મમતા બેનર્જીએ બળાત્કારની ઘટનાઓને રોકવા માટે એક નવું બિલ પાસ કર્યુ છે.

#### આરોપીની ધરપકડ, રિમ્સમાં ડોક્ટરોએ કર્યો હંગામો

## રાંચીમાં લિફ્ટમાં મહિલા જુનિયર ડોક્ટરની છેડતી

। (એજન્સી) રાંચી, તા.૯ ।




ઝારખંડની રાજધાની રાંચીમાં રાજેન્દ્ર ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ (RIMS)માં મહિલા જુનિયર ડૉક્ટરની છેડતીનો મામલો સામે આવ્યો છે. આ ઘટના બાદ તબીબોમાં રોષ જોવા મળી રહ્યો છે. જો કે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.મળતી માહિતી મુજબ, છેડતીની આ ઘટના રિમ્સના ઓન્કોલોજી વિભાગના જુનિયર રેસિડેન્ટ (બિન-શૈક્ષણિક) સામે બની હતી. લિફ્ટની અંદર છેડછાડ કરવામાં આવી છે. આ ઘટના ત્યારે બની જ્યારે જુનિયર રેસિડેન્ટ ડોક્ટર પોતાની ડ્યુટી માટે રિપોર્ટ કરવા જઈ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે ઘટના બાદ આરોપી સમયસર ઝડપાઈ ગયો હતો. તેને ઈન્ટીગ્રેટેડ કંટ્રોલ રૂમમાંથી બરિયાતુ પોલીસ સ્ટેશન મોકલવામાં આવ્યો છે. FIR બાદ આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે.કોલકાતાની ઘટના બાદ રિમ્સમાં બનેલી ઘટના બાદ તબીબોમાં નારાજગી છે. આ ઘટના બાદ તબીબોએ હડતાળ પાડી હતી. જો કે, જુનિયર ડોકટરો અને RIMS મેનેજમેન્ટ વચ્ચેની વાતચીત અને ખાતરી બાદ જુનિયર ડોકટરોએ હડતાળ મોકૂફ રાખી હતી. RIMS હોસ્પિટલ મેનેજમેન્ટે જુનિયર ડોક્ટરોને ખાતરી આપી છે કે દરેક લિફ્ટમાં લિફ્ટમેનને પુનઃસ્થાપિત કરવામાં આવશે.

#### ‘પીપી ભાઈની દેશભક્તિથી પ્રભાવિત થયા’

## ઉત્તરાખંડની જેલમાં બંધ અંડરવર્લ્ડ ડોન પ્રકાશ કેવી રીતે બન્યો મહંત?

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૯ ।



ઉત્તરાખંડની જેલમાં બંધ અંડરવર્લ્ડ ડોન પ્રકાશ પાંડે ઉર્ફે પીપીને મહંતની પદવી આપવામાં આવી હતી અને તેનું નામ બદલીને પ્રકાશાનંદ ગીરી કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિના ભાગરૂપે મંત્રોના જાપ કર્યા પછી, ગુંડાને ‘રુદ્રાક્ષ’ માળા અને ‘કાંઠી’ પહેરાવવામાં આવી હતી. જ્યારે આ મામલો સામે આવ્યો ત્યારે સરકારે તપાસના આદેશ આપ્યા. આ માટે ગૃહ વિભાગે જેલ પ્રશાસનના અધિક મહાનિરીક્ષક યશવંત ચૌહાણને તપાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે, જેઓ એક સપ્તાહમાં તપાસ અહેવાલ સરકારને સુપરત કરશે.સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, હત્યા, લૂંટ અને ખંડણીના અનેક મામલામાં સંડોવાયેલા પીપીને ૫ સપ્ટેમ્બરે અલ્મોડા જેલની અંદર બે સાધુઓએ દીક્ષા આપી હતી. પંચ દશનમ જુના અખાડાના હોવાનો દાવો કરનારા સાધુઓએ સમારંભ પછી પાંડેને નવું નામ પ્રકાશાનંદ ગિરી પણ આપ્યું હતું. સાધુઓની સાથે જેલમાં એક અન્ય વ્યક્તિ પણ હતી જેણે સમગ્ર પ્રક્રિયામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી. દરમિયાન જુના અખાડાએ પણ આ મામલાની તપાસ માટે પોતાની તપાસ સમિતિની રચના કરી છે. બીજી તરફ ઋષિ-મુનિઓના સૌથી મોટા અખાડા જૂના અખાડાની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા થઈ હતી.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

#### વીડિયો વાયરલ થતાં કોંગ્રેસે ઝાટકણી કાઢી

## BCCLના GMએ કેન્દ્રીય મંત્રીના પાયજામાની ગાંઠ બાંધી

। નવી દિલ્હી, તા.૯ ।



ધનબાદમાં કેન્દ્રીય કોલસા રાજ્ય મંત્રી સતીશ ચંદ્ર દુબે રવિવારે ધનબાદના પ્રવાસે હતા. મંત્રી બીસીસીએલના કોલસાના વિવિધ પ્રોજેક્ટની સમીક્ષા કરવા આવ્યા હતા. આ ક્રમમાં, મંત્રી મુનિડીહની ભૂગર્ભ ખાણોની તપાસ કરવા પણ ગયા હતા. ભૂગર્ભમાંથી બહાર આવ્યા બાદ તે મુનિડીહ જીએમ ઓફિસના વેઈટિંગ રૂમમાં પહોંચ્યો હતો. જ્યાં જનરલ મેનેજર (જીએમ) અરિંદમ મુસ્તફીએ ખુદ કેન્દ્રીય રાજ્ય મંત્રી સતીશ ચંદ્ર દુબેના જૂતા ઉતાર્યા હતા. મંત્રીના પગમાંથી જૂતું હટાવ્યા પછી તેણે પોતાના હાથે લઈ જવા માટે બીજા કોઈને આપ્યું.આ દરમિયાન મંત્રીના પાયજામાનો કોલર પણ ઢીલો પડી ગયો હતો. જે બાદ બીસીસીએલના અધિકારીએ ખુદ મંત્રીના પાયજામાની કમરપટ્ટી બાંધી હતી. મંત્રીના આ કૃત્યનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને લોકો આ કૃત્ય માટે મંત્રીને જવાબદાર ઠેરવી રહ્યા છે. લોકોએ જીએમ પર પણ સવાલો ઉઠાવ્યા છે.

## વિશેષ

#### આરોગ્ય મંત્રાલયે “હેલ્થ ડાયનેમિક્સ ઓફ ઇન્ડિયા (ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ હ્યુમન રિસોર્સિસ) ૨૦૨૨-૨૩” જાહેર કર્યું

# વાર્ષિક પ્રકાશન એક મૂલ્યવાન દસ્તાવેજ છે, જે એનએચએમની અંદર માનવશક્તિ અને માળખાગત સુવિધાઓ પર ખૂબ જ જરૂરી માહિતી પ્રદાન કરે છે, જે નીતિ

। નવી દિલ્હી ।



કેન્દ્રીય આરોગ્ય સચિવ શ્રી અપૂર્વ ચંદ્રાએ આજે અહીં “હેલ્થ ડાયનેમિક્સ ઓફ ઈન્ડિયા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ હ્યુમન રિસોર્સિસ) ૨૦૨૨-૨૩”નું વિમોચન કર્યું હતું, જે અગાઉ “રૂરલ હેલ્થ સ્ટેટિસ્ટિક્સ“ તરીકે ઓળખાતું વાર્ષિક પ્રકાશન હતું. આ દસ્તાવેજ ૧૯૯૨થી પ્રકાશિત કરવામાં આવે છે.

દસ્તાવેજને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અભિયાન (એનએચએમ)નાં વિવિધ પાસાંઓ પર વિશ્વસનીય અને અધિકૃત માહિતીનાં સ્રોત તરીકે પ્રકાશિત કરતાં શ્રી અપૂર્વ ચંદ્રાએ જણાવ્યું હતું કે, “વાર્ષિક પ્રકાશન એનએચએમની અંદર માનવશક્તિ અને માળખાગત સુવિધા પર અતિ આવશ્યક માહિતી પ્રદાન કરતો મૂલ્યવાન દસ્તાવેજ છે, જે નીતિ નિર્માણ, પ્રક્રિયાઓમાં સુધારો અને સમસ્યાનું સમાધાન કરવામાં મદદરૂપ થાય છે.” તેમણે ઉમેર્યું કે, આ દસ્તાવેજ માનવશક્તિ અને માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા અને ખામીઓ અંગે રાજ્યોમાં ક્રોસ વિશ્લેષણ આપે છે. તેમણે જણાવ્યું હતું કે, આ ડેટા રાજ્યોની જરૂરિયાતો, તેમની પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રોને સમજવામાં તથા નીતિઓ ઘડવામાં તથા લક્ષિત અભિયાનો ઘડવામાં અત્યંત મદદરૂપ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આરોગ્યના આંકડાઓ વિવિધ માપદંડો પર રાજ્યોની કામગીરીમાં સરખામણી કરવામાં પણ મદદરૂપ થાય છે. કેન્દ્રીય આરોગ્ય સચિવે “આરોગ્ય વ્યવસ્થાપન માહિતી પ્રણાલી (એચએમઆઈએસ) પોર્ટલને રિપ્રોડક્ટિવ એન્ડ ચાઈલ્ડ હેલ્થ (આરસીએચ) અને મંત્રાલયના અન્ય પોર્ટલો સાથે સંકલિત કરવાની જરૂરિયાત પર પણ ધ્યાન દોર્યું હતું, જેથી આરોગ્ય કર્મચારીઓના કામનું ભારણ ઘટાડી શકાય અને ડેટા સમયસર અપલોડ કરવામાં આવે અને કાળજીપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે તે સુનિશ્ચિત કરી શકાય.”

૧૯૯૨થી, પ્રકાશન દ્વારા આરોગ્ય માળખાગત સુવિધાઓ અને માનવ સંસાધનો પર વિગતવાર વાર્ષિક ડેટા પૂરા પાડવામાં આવ્યા છે, જેમાં દર વર્ષે ૩૧ માર્ચ સુધીના અપડેટ્સ આપવામાં આવ્યા છે. આરોગ્ય ક્ષેત્રના હિસ્સેદારો માટે આ ડેટા નિર્ણાયક છે, કારણ કે તે દેશભરમાં આરોગ્ય માળખાના અસરકારક આયોજન, દેખરેખ અને સંચાલનને ટેકો આપે છે. હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધનોની વર્તમાન સ્થિતિનો સ્પષ્ટ સ્નેપશોટ પૂરો પાડીને, પ્રકાશન ગ્રામીણ, શહેરી અને આદિજાતિ વિસ્તારો સહિત વિવિધ વિસ્તારોમાં ખામીઓને ઓળખવા અને જરૂરિયાતોને પહોંચી વળવા માટે એક પાયાના સાધન તરીકે સેવા આપે છે.

તે બે ભાગમાં રચાયેલું છે:

ભાગ ૧ સ્પષ્ટતા માટે નકશા અને ચાર્ટ જેવા વિઝ્યુઅલ એઈડ્સનો ઉપયોગ કરીને રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની પ્રોફાઈલ્સ સાથે ભારતની હેલ્થકેર સિસ્ટમનો એકંદર દૃષ્ટિકોણ પ્રસ્તુત કરે છે.

ભાગ ૨ ને નવ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે, જે આરોગ્ય સુવિધાઓ, માનવશક્તિ અને વસ્તી વિષયક સૂચકાંકો પર ઊંડાણપૂર્વકની માહિતી પ્રદાન કરે છે. પ્રકાશનમાં સમાવિષ્ટ માહિતી નીતિ ઘડવૈયાઓ, આરોગ્ય વહીવટકર્તાઓ અને આયોજકોને આરોગ્ય સુવિધાઓ અને માનવ સંસાધનોના વિતરણ અને પર્યાપ્તતાનું મૂલ્યાંકન કરવા સક્ષમ બનાવે છે. તે આરોગ્ય સેવા વિતરણને ઓપ્ટિમાઈઝ કરવા અને સંસાધનોને અસરકારક રીતે ફાળવવા માટે લક્ષિત વ્યૂહરચના બનાવવામાં મદદ કરે છે. વધુમાં, ડેટા વિવિધ પ્રદેશોની જરૂરિયાતોને સમજવા માટે વિઝન ડોક્યુમેન્ટ તરીકે કામ કરે છે, જે આરોગ્ય સેવાઓના વધુ સમાન વિતરણની સુવિધા આપે છે. એકંદરે, આરોગ્ય માળખાગત વિકાસ તમામ વસ્તી જૂથોની વિશિષ્ટ જરૂરિયાતો સાથે સુસંગત છે તેની ખાતરી કરવા માટે પ્રકાશન આવશ્યક સંસાધન સામગ્રી છે, જે આખરે દેશભરમાં વધુ સ્થિતિસ્થાપક અને પ્રતિભાવશીલ હેલ્થકેર સિસ્ટમમાં ફાળો આપે છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં, દેશમાં કુલ ૧,૬૯,૬૧૫ પેટા-કેન્દ્રો (એસસી), ૩૧,૮૮૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી), ૬,૩૫૯ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (સીએચસી), ૧,૩૪૦ પેટા-વિભાગીય / જિલ્લા હોસ્પિટલો (એસડીએચ), ૭૧૪ જિલ્લા હોસ્પિટલો (ડીએચ) અને ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં સેવા આપતી ૩૬૨ મેડિકલ કોલેજો (એમસી) છે.

**૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી** | પથ્થરબાજો ઉપર પણ સખ્તાઈપૂર્વકનાં પગલાં લઈશું : ગૃહ રાજ્યમંત્રી

# સુરતમાં ગણેશ પંડાલ પાસે પથ્થરમારો કરનાર ૧૨ વર્ષના ૬ કિશોર હતા



| (એજન્સી) સુરત, તા.૯ |

સૈયદપુરામાં ગણેશ પ્રતિમા પર ૬ મુસ્લિમોએ પથ્થરમારો કરી તંગદિલી સર્જી હતી. રાત્રે ૯ વાગ્યા બાદ આ લોકોએ રિક્ષામાં આવી પથ્થરમારો કર્યો હતો. આયોજકોએ તમામને પકડીને પોલીસને સોંપ્યા હતા. હજારો લોકોએ મંડપથી ૧૦૦ મીટર દૂર સૈયદપુરા ચોકીને ઘેરી હતી. પોલીસ દ્વારા ટોળાને વિખેરવા ૧૦થી વધુ ટીયરગેસ છોડી લાઠીચાર્જ કરાયો હતો. આ ઘટનામાં ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ૬ જેટલી ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. સુરત શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ૧૨-૧૩ વર્ષના ૬ કિશોર દ્વારા રિક્ષામાં આવીને પથ્થરમારો કરવામાં આવ્યો હતો. રિક્ષાચાલક સહિત કિશોર આરોપીઓ ઉપર અટકાયતી કાર્યવાહી કરવામાં આવી છે. ત્રણ ગુના દાખલ કરવામાં આવ્યા છે. જુવેનાઈલ એક્ટ હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

ધાર્મિક લાગણી દુભાય તે અંગે કેસ કરવામાં આવ્યો છે. ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ત્રીજા કેસમાં બે ગાડી સળગાવવામાં અને ગાડીમાં તોડફોડ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૬ ટીમો બનાવવામાં આવી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી સહિત ટેકનિકલ સ્ટાફ સામેલ છે. શહેરના લોકો અફવા ઉપર ધ્યાન ન આપે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગયા વર્ષે પણ નાની ઉંમરના કિશોરોએ આવી ઘટનાને અંજામ આપ્યો હતો, બે દિવસ પહેલા પણ અન્ય એક ગણેશ પંડાલ પર પથ્થરમારો કર્યો હતો પણ કોઈએ માહોલ ન બગડે એ માટે ફરિયાદ દાખલ કરી નહોતી. ઘટના સ્થળ પર ડ્રોન સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડીરાત્રે જણાવ્યું હતું કે, ગુજરાતની શાંતિ ભંગ કરવાનો કોઈપણ પ્રયાસ કરશે તો તેને ચલાવી લેવાશે નહીં. કેટલાક વ્યક્તિઓ દ્વારા તાળું મારવામાં આવ્યું હતું. પરંતુ એ તાળું તોડીને પણ પોલીસે ઘરમાંથી બહાર કાઢ્યા હતા. હું સ્પષ્ટ કહું છું કે, ગમે તેવાં તાળાં મારશો તો પણ તોડીને અમે બહાર કાઢીશું. પથ્થરબાજો ઉપર પણ સખ્તાઈપૂર્વકનાં પગલાં લઈશું.

## સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની ઘટનામાં અલગ અલગ ત્રણ કેસ નોંધાયા

સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલ પર થયેલા પથ્થરમારાના ઘટમાંમાં સુરત પોલિસ કમિશ્નર દ્વારા પ્રેસ કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી જેમાં કહ્યું કે ૨૮ આરોપીને પકડી લેવાયા ઘટના સંદર્ભેમાં ૩ ગુના નોંધાયા જે સગીરો છે. રવિવારે રાતે સૈયદપુરામાં ગણેશ પંડાલ પર રાત્રે થયેલા પથ્થરમારાની ઘટના બાદ હાલ શાંતિનો માહોલ છે.

પથ્થરમારાની ઘટનામાં સામેલ સગીર પથ્થરબાજો હતા જે ઘટનાથી થોડા જ અંતરે દૂર રહે છે. તેમણે કહ્યું કે ચાલુ રિક્ષામાંથી પણ પથ્થર ફેંકવામાં આવ્યા હતા અને આટલી દુરથી કોઇ બાળકો આવી ના શકે જેથી સગીરોને ઉશ્કરણી કરનારા તત્વોની શોધખોળ કરાઇ રહી છે. અને ૨૮ આરોપીની ધરપકડ કરાઈ છે.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે કહ્યું હતું કે સૈયદપુરામાં ગણેશ પંડાલ પર પથ્થરમારો કરનારા આરોપીઓને સવાર થતાં સુધીમાં જ પોલીસે પકડી લીધા છે. લઘુમતિ સમાજનું ટોળુ ભેગુ થયું હતું અને પોલીસ તત્કાળ પહોંચી ગઈ હતી. ટોળાને વિખેરવા માટે લાઠીચાર્જ કરાયો હતો અને ટિયરગેસના સેલ પણ છોડાયા હતા. કોમ્બિંગ કરીને ૨૮ આરોપીની ધડપકડ કરી લેવાઈ હતી

રાયોટિંગ અને ધાર્મિક લાગણી દુભાવવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ ઉપર થયેલા હુમલાની કલમોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે આ ઘટના સંદર્ભે ત્રણ ગુના નોંધાયા છે જેમાં સરકાર તરફથી પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



આરોપીઓ વિરૂદ્ધ કડકથી કડક કાર્યવાહી કરવામાં આવશે. ગત રોજ પોલીસ કંટ્રોલ રૂમને ૧૩ જેટલા ફેલ કોલ આવ્યા હતા. જેની ખરાઈ કરવામાં આવી હતી. સગીરોને ઉશ્કેરણી કરનારા તત્વોની શોધખો કરાઈ રહી છે. આ ઘટના પાછળ કોઈ કાવતરું છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. ચાલુ રિક્ષામાંથી ગણેશ પંડાલ પર પથ્થરમારો કરવામાં આવ્યો છે, જે ઘટના પાછળ મુખ્ય કાવતરાખોર કોણ છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ઘટનામાં છ સગીર વયના બાળકો છે. જે ૧૨ થી ૧૩ વર્ષની ઉમરના છે. આ તમામ બાળકો અભ્યાસ કરે છે. પોલિસ કમિશ્નરે કહ્યું કે નિર્દોષ લોકોની કોઈ ધરપકડ કરાઈ નથી. પોલીસ આરોપીઓને કડક સજા અપાવવા મજબૂત પુરાવા કોર્ટમાં પેશ કરશે. પોલીસના જવાનો અને અન્ય વ્યક્તિઓને ઘટનામાં ઈજા થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

## ભૂપેન્દ્ર પટેલે ગોંડલ નગરને બે નવા ફોરલેન બ્રિજની ભેટ આપી

| (એજન્સી) રાજકોટ, તા.૯ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોંડલ નગરમાં બે નવા ફોરલેન બ્રિજ નિર્માણ માટે ૫૬.૮૪ કરોડ રૂપિયા ફાળવવાની સૌદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફલાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે. ગોંડલ શહેરમાં ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજ ઉપર ગોંડલ આસપાસના ગામો અને તાલુકાના વાહનોનો ખૂબ જ ટ્રાફિક રહેતો હતો. આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા તેના સ્થાને ડાયવર્ઝન માટે માત્ર ૧ જ માર્ગ નેશનલ હાઈવે ૨૭ ગોંડલથી સુરેશ્વર ચોકડી સુધીનો ઉપલબ્ધ છે. એટલું જ નહિ,ભારે વરસાદના સમયમાં વિયર કમ કોઝવે પરથી પાણી પસાર થતું હોવાથી આ રસ્તો પણ બંધ થઈ જાય છે અને તમામ વાહનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં આવેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ગોંડલ નગરમાં બે નવા બ્રિજ બનાવવા માટે રૂ. ૫૬.૮૪ કરોડની રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ બે નવા બ્રિજ નિર્માણ થવાથી ભાવનગર-આટકોટથી જુનાગઢ જતા વાહનોને તેમજ ઘોઘાવદર મોવીયાથી જુનાગઢ અને કોટડાથી જેતપુર-જુનાગઢ જતા વાહનોને ફોરલેન બ્રિજની સુવિધા મળતી થશે.

વીમા કંપનીમાં રોકાણ કરાવતા હોવાનું કહીને વાયદા કર્યા

## 3 અઠવાડિયામાં પૈસા ડબલ કરવાની લાલચ આપી ઠગાઈ

| (એજન્સી) અમદાવાદ, તા.૯ |

અમદાવાદના થલતેજમાં રહેતા એક મહિલાને રોકાણની સામે ત્રણ સપ્તાહમાં જ બમણાં નાણાં આપવાની લાલચ આપીને દંપતિએ રૂપિયા ૩.૮૭ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ ઘાટલોડિયા પોલીસ મથકે નોંધવામાં આવી છે. ફરિયાદી મહિલાનો વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ૧૦ લાખના રોકાણની સામે ૨૦ લાખનું વળતર અપાવીને છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર મામલે ઘાટલોડિયા પોલીસે તપાસ શરૂ કરી છે. શહેરના થલતેજ સુરધારા સર્કલ પાસે આવેલા મણીચંદ્ર સોસાયટીમાં રહેતા વૈશાલીબેન પટેલના પતિનું અવસાન વર્ષ ૨૦૧૮માં થયું હતું. વર્ષ ૨૦૨૧માં તેમના સસરાએ જમીનનું વેચાણ કરતા સારી એવી રકમ મળી હતી. આ રકમનું યોગ્ય જગ્યાએ રોકાણ થાય તે માટે વૈશાલીબેન આયોજન કરતા હતા.

આ દરમિયાન તેમને માહિતી મળી હતી કે જીગ્નેશ પંડ્યા (રહે. ઓર્ચિડ પ્રાઇડ, સાઉથ બોપલ) ઈન્સ્યોરન્સ અને ઈન્વેસ્ટમેન્ટનું કામ કરે છે. જેથી રોકાણની સલાહ લેવા માટે સંપર્ક કર્યો હતો. ત્યારે તે જીગ્નેશ પંડ્યાની સાથે તેની પત્ની રત્નાને પણ મળ્યા હતા. જીગ્નેશે તેમને કહ્યું હતું કે તે ભારતી એક્સા લાઈફ કંપનીમાં સારા હોદા પર કામ કરે છે. જેથી તે ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયો મેનેજ કરી આપશે. એટલું જ નહી ૨૧ દિવસમાં એટલે કે ત્રણ સપ્તાહમાં નાણાં બમણાં કરી આપશે. જેથી વિશ્વાસ કરીને વૈશાલીબેને પહેલા ૧૦ લાખ રૂપિયા આપ્યા હતા.

## ઓખા-પુરી એક્સપ્રેસ ડાઈવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

| અમદાવાદ, તા.૯ |

દક્ષિણ મધ્ય રેલવેના વિજયવાડા-કાઝીપેટ-બલહારશાહ સેક્શનમાં નોન-ઈન્ટરલોકીંગ કામના કારણે, અમદાવાદ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા-પુરી અને પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૨૫ સેપ્ટેમ્બર અને ૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ઓખાથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ તથા ૨૨ અને ૨૯ સેપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ પુરીથી ચાલનારી ટ્રેન નંબર ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા વર્ધા, નાગપુર, રાયપુર, ટિટિલાગઢ, રાયગડ, વિજયનગરમ અને ખુર્દા રોડ થઈને ચલાવવામાં આવશે. જે સ્ટેશનો પર આ ટ્રેનો નહીં જાય તેમાં ચંદ્રપુર, બલ્હારશાહ, સિરપુરકાગજનગર, મંચિર્યાલ, રામગુંડમ, વરંગલ, રાયનપાડુ, વિજયવાડા, ગુણઢલા, એલુરુ, રાજમંડ્રી, સામલકોટ, અનકાપલ્લી અને વિશાખાપટ્ટનમનો સમાવેશ થાય છે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## કચ્છ જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત : આરોગ્યમંત્રી

| (એજન્સી) કચ્છ, તા.૯ |

કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાની આરોગ્ય વિભાગની કામગીરીની માહિતી આપતા મંત્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગની ૨૭ ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી ૩૧૮ ઘરો પૈકી ૨૨૩૪ લોકોનું આરોગ્ય લક્ષી સ્ક્રીનીંગ કર્યું હતું. જેમાં ૪૮ જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા હતા. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મલેરિયા રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં બે દર્દીઓ ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા હતા અને એક દર્દી ડેન્ગ્યું પોઝિટિવ આવ્યો હતો.વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, તંત્ર દ્વારા 'હાઉસ ટુ હાઉસ' દરમ્યાન એન્ટી લારવલ એક્ટીવીટી તેમજ ૧૯૫૫ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ. મેડીકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રીપોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરણ પામેલ અને આજુ બાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા/નાક ના સેમ્પલ લેવામાં આવ્યા હતા.વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, તા. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ રાજકોટ અને અદાણી મેડીકલ કોલેજની ટીમ દ્વારા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી, કચ્છ સાથે થયેલ કામગીરીની અને વધુ કાર્યવાહી કરવા માટે બેઠક કરવામાં આવી હતી. અદાણી મેડીકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા કરેલ ઈન્વેસ્ટીગેશન કેસોનું બ્લડ સેમ્પલ. સીઝનલ ફલુ, કોવીડ-૧૯ અને બ્લડ સીરમ સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેમાં ૧૧ દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફલુ પોઝિટિવ આવ્યો હતો. તેમજ તમામ ૧૧ સેમ્પલ કોવિડ-૧૯ નેગટીવ આવ્યા હતા. જે સેમ્પલ મેડીકલ કોલેજ રાજકોટ, ICMR NIV Pune ખાતે વધુ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.વધુમાં તેમણે જણાવ્યું કે, મેલેરિયા ડેન્ગ્યુ અને સિઝનલ ફલુ પોઝિટિવ આવેલ તમામ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ દર્દીઓની તબિયત સારી છે. લખપત અને અબડાસાના ૦૬ ગામોમાં આલ્ફા સાઈફરમેથરીન IRS અને મેલેથિયન છંટકાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

## ગુજરાતના ડેમ છલકાતા રેકોર્ડ બ્રેક વીજ ઉત્પાદન

### ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.3 મિલિયન યુનિટ ઉત્પાદન

| (એજન્સી) નર્મદા, તા.૯ |

હાલ ભારતભરમાં રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા સોલાર રૂફટોપ માટે સબસિડી પણ આપી રહી છે, ત્યારે ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત ક્ષમતા સુધી પહોંચવાના ટાર્ગેટ સાથે ગુજરાતમાં પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે. જેમાં સોલાર રૂફટોપ, હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સ અને રિન્યુએબલ એનર્જી પાર્ક સહિતના રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને વેગ આપી રહ્યા છે.



આ દરમિયાન ચોમાસાની સિઝનમાં ગુજરાતમાં સારો એવો વરસાદ ખાબકતા ગુજરાતના ડેમ છલકાતા હાઈડ્રો પાવર સ્ટેશનમાંથી પણ રેકોર્ડ વીજ ઉત્પાદનમાં થઈ રહ્યું છે. જેમાં ગુજરાતના ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ (MU) વીજ ઉત્પાદન થયું છે. જ્યારે જુલાઈમાં વીજ ઉત્પાદન ૩૦૮.૭ મિલિયન યુનિટ થયુ છે.

## ગાંધીનગર ખાતે યોજાશે RE-INVEST 2024

| ગાંધીનગર, તા.૯ |

ગાંધીનગર ખાતે આગામી તા. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ચોથા ગ્લોબલ RE-INVEST રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો શુભારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરાવશે. RE-INVEST-2024ની તૈયારીઓની સમીક્ષા કરવા કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશી આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ કાર્યક્રમ સ્થળ (મુખ્ય કનવેંશન હોલ) તેમજ એક્ઝીબિશન હોલ સહિતની તમામ વ્યવસ્થાઓની જાત મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય તેમજ ગુજરાત સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કાર્યક્રમલક્ષી વિવિધ બાબતોની તલસ્પર્શી માહિતી મેળવી હતી. નાગરિકોની ભાગીદારી વધારવા તેમજ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા મંત્રીએ જરૂરી સૂચનો પણ કર્યા હતા. આ બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રીએ ગુજરાત સરકારના પ્રોએક્ટિવ એપ્રોચની સરાહના કરી હતી તેમજ સંપૂર્ણ સહયોગ માટે ગુજરાત સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨